Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૪૦ મું. સંવત ૧૯૯૮

અંક ૩ જો. ઑકટોબર આશ્વિન

પ્રકાશક,

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ અંકમાં


| | |
|---|---|
| ૧. સામાન્ય જિન સ્તવન . ૫૭ | ૮. સમ્યક્ શ્રદ્ધા રહિત જ્ઞાનની નિરર્થકતા ૭૦ |
| ૨. સુવર્ણાન્યોક્તિ . . . ૫૮ | ૯. શ્રી જૈનાગમ નિયમાવલી . ૭૨ |
| ૩. દિવાલી સ્તવન . . . ૬૦ | ૧૦. અમર આત્મમંથન . . ૭૪ |
| ૪. ' સાચી સ્વાધીનતામાં જ સુખ છે ' ૬૧ | ૧૧. જીવનની સાર્થકતા અને શ્રી હીરવિજયસૂરિ . . ૭૬ |
| ૫. પ્રભુ મહાવીર . . . ૬૪ | ૧૨. વર્તમાન સમાચાર . . ૭૭ |
| ૬. સિદ્ધસ્તોત્ર . . . ૬૫ | ૧૩. સ્વીકાર સમાલોચના . . ૭૯ |
| ૭. નવતત્ત્વ પ્રકરણ . . ૬૮ | |


## નવા થયેલા માનવંતા સભાસદો.

| | | | |
|---|---|---|---|
| ૧. | શેઠ નટવરલાલભાઈ છોટાલાલ ( ૧ ) | મુંબઇ | લાઇફ મેમ્બર. |
| ૨. | શાહ મહીપતરાય વૃજલાલ દલાલ | ભાવનગર | ,, |
| ૩. | પરીખ શાંતિલાલ મૂળજીભાઈ | ,, | ,, |

## નીચેના પ્રાકૃત-સંસ્કૃત ગ્રંથોના ઘણી અલ્પ નકલો જ સિલિકે છે, જેથી જલદી મંગાવવા સૂચના છે.

(૧) વસુદેવ હિંડિ પ્રથમ ભાગ રૂા. ૩-૮-૦
(૨) ,, દ્વિતીય ભાગ રૂા. ૩-૮-૦
(૩) બૃહત્કલ્પસૂત્ર ભા. ૧ લો રૂા. ૪-૦-૦
(૪) ,, ભા. ૨ જો રૂા. ૬-૦-૦
(૫) ,, ભા. ૩ જો રૂા. ૫-૮-૦
(૬) ,, ભા. ૪ થો રૂા. ૬-૪-૦
(૭) બૃહત્કલ્પસૂત્ર ભા. ૫ મો રૂા. ૫-૦-૦
(૮) શ્રી દેવેન્દ્રસૂરિકૃત ચાર કર્મગ્રંથ રૂા. ૨-૦-૦
(૯) પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ ભા. ૨ જો રૂા. ૪-૦-૦
(૧૦) ત્રિષષ્ઠિશ્લાકા પુરુષ ચરિત્ર પર્વ ૧ લું, પ્રતાકારે તથા બુકાકારે રૂા. ૧-૮-૦

## જાહેર ખબર

**નીચેના ગ્રંથો સિલિકમાં જૂજ છે; જેથી મંગાવનારે વેલાસર મંગાવવા.**

૧. દેવસિરાઇ પ્રતિક્રમણ વિધિ અર્થ સહિત ગુજરાતીમાં ... ... રૂા. ૦-૧૨-૦
૨. પંચપ્રતિક્રમણ વિધિ, અર્થ અને અનેક ઉપયોગી હકીકતો સહિત ગુજરાતીમાં રૂા. ૧-૮-૦
૩. પંચપ્રતિક્રમણ વિધિવિધાન, અર્થ અને અનેક ઉપયોગી હકીકત સાથે ( નિર્ણયસાગર પ્રેસ-મુંબઇમાં છપાયેલ ) શાસ્ત્રી ટાઇપમાં-સુંદર પાકા બાઇન્ડીંગ સહિત ... ... ... ... ... ... રૂા. ૨-૦-૦

( દરેકમાં પોસ્ટેજ અલગ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શ્રી જૈન આત્માનંદ સભાના સર્વ માનવંતા સભાસદો તથા ગુરુભકતોને

# ખાસ વિનંતિ.

ગયા અશાડ શુદિ ૧૦ ના રોજ પાટણ શહેરમાં **પ્રવર્ત્તકજી શ્રી કાંતિવિજયજી મહારાજનો** સ્વર્ગવાસ થયો છે. તેઓશ્રીએ આખું જીવન જૈન પ્રાચીન ભંડારોનો જીર્ણોદ્ધાર, પુનરુદ્ધાર, સંશોધન, સંગ્રહ અને નવા જ્ઞાનમંદિરોની સ્થાપના કરવા-કરાવવામાં તેમજ પ્રાચીન જૈન ભંડારો, પ્રાચીન જૈન સાહિત્ય અને જૈન ધર્મની અપૂર્વ સેવા કરવામાં જ વિતાવ્યું હતું. તેઓ સંતપુરુષ કહેવાતા હતા. આવા મહાન પુરુષનો આ સભા ઉપર પરમ ઉપકાર હોવાથી જ આ સભા આખી જૈન સમાજમાં અત્યારે પ્રથમ દરજ્જો ધરાવે છે, જે આ સભાના સર્વ સભાસદોએ ગૌરવ લેવા જેવું છે. તેથી આ મહાપુરુષનું સ્મરણ નિરંતર સચવાઈ રહે તે માટે તા. ૩૦-૭-૪૨ ના રોજ આ સભાની જનરલ મીટિંગે તે સંતપુરુષના સ્મારક માટે એક ફંડ કરવાનો ઠરાવ કરવામાં આવતાં આ સાથેના લીસ્ટમાં બતાવ્યા પ્રમાણે હાજર રહેલા સભ્યોએ પોતા તરફથી રકમ ફંડમાં ભરી છે. આ ફંડમાં જે રકમ થશે તે જામીનગીરીમાં રોકી તેનું વ્યાજ દર વર્ષે કેળવણી ઉત્તેજન અર્થે વાપરવું તેમ ઠરાવ કરવામાં આવ્યો છે.

હવે આપ સર્વ સભાસદ બંધુઓને વિનંતિ કરવાની કે આવા ગુરુભક્તિના અને કેળવણીને ઉત્તેજન જેવા સમયોચિત કાર્યોમાં આપ યોગ્ય રકમ આ સભા ઉપર મોકલી આપવા તસ્દી લેશો. આવો અમૂલ્ય ગુરુભક્તિનો ઉત્તમ અવસર સુભાગ્યે જ પ્રાપ્ત થાય છે.

સેવકો,
**ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ**
**શાહ હરજીવનદાસ દીપચંદ**
**શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ.**
સેક્રેટરીઓ.

આ ફંડમાં નીચે જણાવેલા સભાસદોએ નીચે પ્રમાણે રકમ ભરી છે. આપ પણ આ ફંડમાં આપનો યોગ્ય ફાળો આપશો.

**૬૮૭) ગયા અંકમાં જણાવ્યા પ્રમાણે થયેલ ફંડ.**

| | |
|---|---|
| ૫૧) શેઠ નાનાલાલ હરિચંદ હ. બહેન મણિબહેન | ૨૫) દલાલ વૃજલાલ ભીખાભાઈ |
| ૪૧) શેઠ ઝવેરભાઈ ભાઈચંદ | ૨૫) શાહ બળવંતરાય ભાઈચંદ |
| | ૨૫) શાહ જુઠાભાઇ ત્રિભુવનદાસ |
| | ૮૫૪ |

**(ફંડ ચાલુ છે)**

શ્રી મહોદય પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૦ મું : આત્મ સં. ૪૭ વિક્રમ સં. ૧૯૯૮ : આશ્વિન :
અંક : ૩ જો : વીર સં. ૨૪૬૮ ઇ. સ. ૧૯૪૨ : ઑક્ટોબર :

## સામાન્ય જિન સ્તવન.

[ રાગ—ચલે પવન કી ચાલ જગ મેં, ચલે પવન કી ચાલ. ]

મિલે જગત કે નાથ અબ તો, મિલે જગત કે નાથ;
તુંહી શરણ હય હમ લોગોં કા, તુંહી આતમ તન [1]આથ. અબ તો૦ ૧

જિનવર ! તોરે ચરણકમલ મેં, ઝૂકે સુર કે નાથ;
ભક્તિ તોરી ભવ કી [2]તરણી, ભાવરોગોં કા [3]ક્વાથ. અબ તો૦ ૨

તુજ દર્શન સે [4]મનખા પાવન, હૂઆ આજ [5]સનાથ;
દુઃખ કે કાંટે, પિસ પિસ ભાગે, દેખત તેરા [6]કાથ. અબ તો૦ ૩

સુરતરુ સા દેવાધિદેવા !, કભી ન છોડું સાથ;
**દક્ષ** [7]સુકાની ! ભવજલધિ સે, તાર લેકર હાથ. અબ તો૦ ૪

—**મુનિશ્રી દક્ષવિજયજી મહારાજ**

---

૧ ધન. ૨ નાવ. ૩ ઉકાળો. ૪ માનવદેહ, મનુષ્યજીવન. ૫ નાથ સહિત, નાથવાળો. ૬ નૂર, તાકાત. ૭ હોશિયાર નાવિક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# सुवर्णान्योक्ति

अनुष्टुप वृत्त.

**अग्निदाहे न मे दुःखं, न छेदे न च ताडने।**
**एकमेव महद्दुःखं, गुंजया सह तोलनम् ॥ १**

વહાલા વિવેકી વાચક બંધુઓ ! આ સંસારમાં માનવજીવનની સફળતા, સાર્થકતા કે જીવનનું મિષ્ટ પરિપક્વ ફળ એ તો **માન** જ છે, એ સ્પષ્ટ દર્શાવવા ઉપરની અન્યોક્તિ આદર્શરૂપ છે, તે વાંચો, વિચારો અને અનુસરો.

આપણી હંમેશની વપરાતી ધાતુઓમાં શિરોમણિરૂપ તો **સુવર્ણ** જ છે. **એ** સુવર્ણ પોતાના હંમેશના સંગી, અતિપરિચિત અને વિવિધ રૂપો ઘડનાર સોનીને કેવા હૃદયોદ્દગારથી સંબોધે છે, એ વાંચવા કે સાંભળવા યોગ્ય છે.

સોનું કહે છે: 'હે ભાઇ સુવર્ણકાર ! તું જરા શાંત થા, અને અમારી હૃદયવેદના બરાબર લક્ષપૂર્વક સાંભળી લે !

તું અમને અડાયાં છાણાંથી પ્રજ્વલિત કરેલા તીવ્ર તાપમાં મૂકે છે, પછી ધમાથી જબ્બર શ્વાસોશ્વાસ લેતો અમને ધમી નાખી, અમારાં અંગોને પ્રવાહિત બનાવી દે છે. આટલો તાપ સહન કરવા છતાં અમને હૃદયમાં કૈં દુઃખ થતું નથી. પછીથી અમારાં શાંત થએલા અંગને સાણસીથી કાપ મૂકે છે, અને ઝીણાં જતરડાનાં છિદ્રોમાંથી અમને જોરથી ખેંચે છે; આટલું જ નહીં પણ એ અમારા અંગભાગોને એરણ પર મૂકી, તારા હાથના જબ્બર હથોડાથી અમારા પર સખત ઉપરાઉપર ઘા કરવા માંડે છે. આ બધાય કષ્ટો અમે મૌનપણે (મૂંગેમોઢે) સહન કરીએ છીએ, અને અમારી વેદનાનું કશું વર્ણન અમે કયારેય તારી પાસે કરતા નથી, પણ ઓ અવિવેકી ભાઇ! તારી એક જ કૃતિ અમને ત્રાસ આપે છે. એ અસહ્ય હોવાથી તેનું મહદ્દુઃખ આજ તારા પાસે અમે રજૂ કરીએ છીએ તે એ કે—

તું જ્યારે અમારો તોલ કરવા બેસે છે ત્યારે કાંટાના એક પલ્લામાં અમે (સુવર્ણ) અને સામા પલ્લામાં ક્ષુદ્ર ગુંજા (ચણોઠી) મૂકી અમારું તોલ–માપ કરે છે. આ અમારી તુલના થતી વખતે અમારા હૃદયમાં જે "સ્વમાન વિધ્વંસ"નો પરિતાપ થાય છે, તે તાપ–તે દુઃખ તો ખરે ! અસહ્ય છે.

અરે ભાઈ ! કયાં અમારું સૌંદર્ય, કયાં અમારું કુળ, કયાં અમારું સ્થાન અને કયાં અમારી ગૌરવ ભરી કિંમત ! અરે ભૂંડા ! તને તે અમારે કયા શબ્દોવડે ઉપાલંભ (ઠપકો) દેવો, અને શબ્દોથી તિરસ્કાર કરવો ? અમારું સર્વસ્વ–માહાત્મ્ય તેં આ ગુંજા સાથે અમને તોળીને ગુમાવ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાણા વાચકો, આ સંસારવ્યવહારમાં પણ ઘણી ઘણી વખત સજ્જનોને, સચ્ચરિતોને, ખુદ ખાનદાનોને, વિદ્યાગુણાલંકૃતોને આવી વસમી તકો આવે છે, એ પ્રસંગે તેઓના જિગરમાંથી પણ સ્પષ્ટ કે અસ્પષ્ટ ( આંતરિક ) આ પ્રકારના જ ખિન્નતાદર્શક શબ્દો બહાર નીકળી આવે છે, કેમકે સ્વમાન એ તો સજ્જનોનો પ્રિયમાં પ્રિય વિષય છે. એક કવિ કહે છે કે—

**अधमा धनमिच्छन्ति, मानं धनं च मध्यमा ।**
**उत्तमा मानमिच्छन्ति, मानं च महताम् धनम् ॥ १ ॥**

જેઓ માત્ર યેનકેન પ્રકારેણ ( કોઇ પણ પ્રકારે ) ધન મેળવવું એ જ કૃતાર્થતા માને છે, તેઓ તો ખરે ! ક્ષુદ્ર પંક્તિના જ ગણાય છે. જેઓ ધન સાથે માન ઇચ્છે છે ( અર્થાત્ વ્યવહારકુશળો ધન તથા માન બંને ઇચ્છે છે ) તેઓ સામાન્ય પંક્તિના ગણાય છે, પરંતુ ઉત્તમ પુરુષો તો માનને જ અગ્રસ્થાને ગણે છે.

( **માન** શબ્દ અહીં ગર્વ—અભિમાન—મદ વગેરે જેનો સત્પુરુષો અને સત્શાસ્ત્રો સદા નિષેધ જ કરે છે તે અર્થમાં ગણવાનો નથી જ ) માન એટલે સ્વમાન. પોતાનું વાસ્તવિક ગૌરવ—ઓજસ્—તેજ—પ્રભા—કાંતિ—કીર્તિ વગેરે લાયક ગુણોનું ગ્રાહકપણું તે જ માનનું સાચું સ્વરૂપ છે, અને એ સચવાય તો જ સાચી સજ્જનતા ગણાય છે, ભક્ત કવીશ્વર તુલસીદાસજી પોતાના અમર રામાયણમાં કહે છે કે, **यद्यपि जग में दुःख है नाना** પણ **सब से विषम " जाति अपमाना "** એ સર્વદા સર્વથા સાચું જ છે. સુવાસ વિનાનું પુષ્પ તેમ સ્વમાન વિનાનું માનવજીવન શોભતું નથી, માટે જ સ્વમાનગ્રાહક સુવર્ણની આ ઉક્તિ પ્રસંશનીય છે એમ વિદ્વાનો કહે છે.

વહાલા વાચક બન્ધુઓ ! આપણે સાચા સ્વમાનને પ્રાણસમાન પ્રિય ગણીશું ?

**ભાવનગર**—વડવા.
તા. ૨૦-૯-૪૨ સૂર્યવાસર

લિ. સત્યતત્ત્વશોધક—બોધક
**રેવાશંકર વાલજી બધેકા.**
નીતિધર્મોપદેશક: ઉ. કન્યાશાળા, ભાવનગર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દિવાળી સ્તવન

( અબોલડા શાના લીધા છે-એ રાગ. )

મહાવીર આપે ઉપદેશ, ભવિજન જ્ઞાનપર્વ માંડી;
**અપાપા** નગરી હમેશ, ભાસે જ્ઞાનતણી વાડી.-ટેક.

અઢાર ગણુ રાજા સુર દૈત્ય કિન્નરો,
વાણીમાં ખામી ન લેશ. ભવિજન—૧.

ગૌતમને મોકલ્યા દેવશર્મા બોધવા,
સોળ પ્રહર દીધો ઉપદેશ. ભવિજન—૨.

રાત્રિ કાર્તિકની અમાસકેરી,
નિર્વાણુ પામ્યા જિનેશ. ભવિજન—૩.

ભાવ ઉદ્યોત જતાં અંધાર રેલે,
રત્નદીપ પ્રગટે સુરેશ. ભવિજન—૪.

રત્નત્રયીની ઋદ્ધિ અનંતી,
આત્મામાં કરે ઉજાસ. ભવિજન—૫.

ॐ **ह्रीं अर्हं महावीर** જપતાં,
પમાય શિવપુરવાસ. ભવિજન—૬.

મહાવીર ધ્યાને કેવળ પામ્યા,
ગૌતમ ગણુધર ખાસ. ભવિજન—૭.

પ્રાત:કાલે ગૌતમ સ્મરતાં,
પ્રગટે આત્મામાં પ્રકાશ. ભવિજન—૮.

મળે **અજિત** પદ નિર્મળ બુદ્ધિ,
**હેમેન્દ્ર** પામે ઉલ્લાસ. ભવિજન—૯.

રચયિતા : **મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'સાચી સ્વાધીનતામાં જ સુખ છે'

લેખક : આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

પરાધીન પ્રાણીઓની ધારણાની સફળતા પણ પરાધીન જ હોય છે. પરાધીન હોવા છતાં સ્વાધીન માની બેઠેલા અનભિજ્ઞ આત્માઓ વધારે ને વધારે પરાધીન બની આપત્તિવિપત્તિઓમાં ફસાતા જાય છે. સ્વાધીનતા તથા પરાધીનતા સત્ય સ્વરૂપને ન ઓળખનાર સ્વાધીનતાની તીવ્ર ઇચ્છાથી નિરંતર પ્રયત્નશીલ હોવા છતાં સ્વાધીનતાને બદલે પરાધીનતા મેળવે છે.

| | |
|---|---|
| અંતર્મુખ...સ્વાધીન | બહિર્મુખ ...પરાધીન |
| વિરક્ત ...સ્વાધીન | રક્ત... ...પરાધીન |
| મુક્ત ...સ્વાધીન | બદ્ધ... ...પરાધીન |
| અનાસક્ત...સ્વાધીન | આસક્ત ...પરાધીન |
| પરમ સુખી | પરમ દુઃખી |

આવી જ રીતે નિરેચ્છક અને નિસ્પૃહી સ્વાધીન હોય છે અને ઇચ્છાગ્રસ્ત તથા સ્પૃહાવાળા પરાધીન હોય છે. સંસારમાં જડ તથા જડના વિકારોને આશ્રિત બનેલા પ્રાણીઓ પરાધીન હોવાથી કંગાલ બનીને પરમ દુઃખ ભોગવી રહ્યા છે. અજ્ઞાનતાને લઇને જીવો જડ તથા જડના વિકારોને અધિક મેળવીને માની લે છે કે અમે સ્વાધીન છીએ, પણ તત્ત્વદૃષ્ટિથી તપાસીએ તો તેઓ વધારે પરાધીન બનેલા જણાશે; કારણ કે સ્વ એટલે આત્મા અને પર એટલે જડ. આ પ્રમાણે સ્વ-પરની વ્યાખ્યા થાય છે અને આ વ્યાખ્યાને આશ્રયીને જ જેઓ જેટલે અંશે જડની ઓછી જરૂરિયાતવાળા છે તેઓ તેટલે અંશે સ્વાધીન થયેલા હોય છે, અને જેમને સારા વર્ણ, ગંધ, રસ, શબ્દ અને સ્પર્શ આદિ જડની અધિક ચાહના રહે છે તેમને પરાધીનતાની બેડીમાં વધારે જકડાવું પડે છે. લૌકિક ઉક્તિ "પરાધીન સુપને સુખ નહિ" જે કહેવાય છે તદનુસાર તેમને સ્વપ્નમાં પણ સુખ મળી શકતું નથી.

માનવી જ્યારે એકલો અને અલ્પ પરિગ્રહવાળો હોય છે ત્યારે તે વ્યવહારિક સ્વાધીનતાનું કાંઈક સુખ અનુભવે છે, પણ જ્યારે એકથી બે અને બેથી ત્રણ એમ જનસંખ્યામાં તેમજ પરિગ્રહના પ્રમાણમાં મમતા ભર્યો વધારો થાય છે ત્યારે તેના બાહ્ય સુખ તેમજ નિશ્ચિંતપણાનો નાશ થાય છે. માનસિક સુખને બદલે દુઃખ ઉત્પન્ન થાય છે. અજ્ઞાની આત્માઓને માટે બાહ્ય દૃષ્ટિ જનસમુદાયે બનાવેલા–માનેલા વ્યવહારની અપેક્ષાએ એટલું તો જરૂર કહેવું પડશે કે– આ શ્રીમંત છે, સ્ત્રી, પુત્ર, પૌત્રાદિ પરિવારવાળો છે, સર્વ વાતે સ્વાધીન છે, સુખી છે, પહેલાં એકલો હતો, રસોઈપાણીમાં પરાધીનતા ભોગવવી પડતી હતી, સારા પ્રસંગે ઘરેણાં, વસ્ત્ર પારકાં માગીને વાપરતો હતો, ભાડાનાં ઘરમાં રહેતો, હાથે વાસણ માંજતો, હાથે કપડાં ધોતો, ભાડાની ગાડીમાં ફરતો વગેરે વગેરે પરાધીનતાથી દુઃખી હતો; પણ હાલમાં પાસે પૈસા પુષ્કળ છે, રહેવાને માટે લાખ રુપિયા ખર્ચીને મહેલ બંધાવ્યો છે, બાગબંગલા ઘરના છે, ઘેર બેચાર નોકરો છે, ઘરની ગાડી, મોટર છે, પચાસ હજારનાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાગીના છે ને કસબી રેશમી સુંદર વસ્ત્રો છે, હજારોનું ફર્નિચર છે. સર્વ વાતે સુખી છે, લેશમાત્ર પણ કોઇની પરાધીનતાનું દુઃખ નથી કે પારકી ઓશિયાળી વેઠવાની નથી, છે કાંઇ એને સંસારમાં દુઃખ ?

આ તો બધું ચર્મચક્ષુથી જોનારને માટે સાચું; પણ જ્ઞાનદૃષ્ટિ–અંતર્દૃષ્ટિથી જોનાર-સંતપુરુષો પૂછે છે કે ભાઈ ! જેટલી વસ્તુઓને તેં ઉપર બતાવી તે સર્વ વસ્તુઓને તેં તારો આત્મા સ્વાધીન કર્યો છે કે તે વસ્તુઓને તેં પોતાને આધીન કરી છે ? જો તે વસ્તુઓને તેં પોતાને આધીન કરી હોય તો તે વસ્તુઓ તારો પીછો છોડે નહિ, તારી પાછળ પાછળ આવે, તારી હયાતીમાં તને છોડીને જાય નહિ. તે વસ્તુઓ તને છોડીને ચાલી જાય છે. તારા ચર્મચક્ષુથી પર્યાયાંતરરૂપ પરિવર્તન–નાશ થવાથી દેખાતી નથી ત્યારે તું તેનો શોક કેમ કરે છે ? તે વસ્તુઓને સંભારીને કેમ રડે છે ? ખાવુંપીવું છોડી દઇને ગાંડોઘેલો કેમ થાય છે ? તારી સ્વાધીનતા કયાં ચાલી ગઇ ? તારું સુખ કયાં ગયું ? આવી ખોટી સ્વાધીનતા અને ખોટા સુખમાં મશગૂલ બની આત્માને કંગાલ બનાવી સંસાર–નગરના ચોરાશી ચૌટાની હજારો–લાખો–કરોડો ગલીઓમાં ભીખ ન મંગાવ ! અંતર્દૃષ્ટિથી જરા જો, જ્ઞાનદૃષ્ટિ ઉઘાડ, તને સાચો માર્ગ મળી આવશે–તને સાચી વસ્તુ જડી આવશે. વળી જ્ઞાની, સંતપુરુષો પૂર્વે બતાવેલી વસ્તુઓ મેળવી સ્વાધીનતાના નશામાં મત્ત થયેલાને પૂછે છે કે શું તું સ્વાધીન છે ? કઈ વાતે તું સ્વાધીન છે ? આધિ, વ્યાધિ, જન્મ, જરા, મૃત્યુ આદિથી તું સ્વાધીન છે ? અને જો તું આ વસ્તુઓથી સ્વાધીન નથી તો પછી તું સ્વાધીન શાનો ? અને તું સુખી શાનો ?

સંસારનો વ્યવહાર ઘણો જ કઢંગો છે. સંસારનો વ્યવહાર એટલે અલ્પજ્ઞ–અજ્ઞાનીઓએ સ્વાર્થ સાધવાને માટે પાથરેલી માયાજાળ. વ્યવહાર એટલે છળ, કપટ, દંભ, પ્રપંચ. મનમાં ઇચ્છાપણ ન હોવા છતાં શું કરીએ ? અમુક કામ કરવું પડશે, વ્યવહાર જાળવવો પડશે, ખાવા ખવડાવવાનો વ્યવહાર, નમસ્કાર કરવા કરાવવાનો વ્યવહાર વગેરે વગેરે વ્યવહારો શું સૂચવે છે ? આપણે સારી રીતે જાણુતા હોઇએ કે અમુક વ્યક્તિ નિર્ગુણી છે, તેની પીઠ પાછળ આપણે તેના માટે ઘણા જ નબળા અભિપ્રાય ઘણી વખત બીજાના આગળ પ્રગટ કરીએ છીએ; છતાં તે વ્યક્તિ જયારે આપણને પ્રત્યક્ષ મળે છે ત્યારે આપણે વ્યવહારથી તેનું સન્માન કરીએ છીએ, તેના ગુણ બોલીએ છીએ, તેને સારું લાગે તેમ વર્તીએ છીએ. તેના ગયા પછી તેનો અવર્ણવાદ બોલીએ છીએ. આવો વ્યવહાર દંભ સિવાય બીજું શું છે ? આજ પ્રમાણે બધા વ્યવહારોને તપાસી જુઓ. મનોવૃત્તિ સિવાય વચન તથા કાયાથી કરવામાં આવતી પ્રવૃત્તિઓને વ્યવહાર કહેવામાં આવે છે, અને જે પ્રવૃત્તિમાં મન ભળે છે તે નિશ્ચય વ્યવહાર કહેવાય છે.

વ્યવહાર બે પ્રકારના છે: એક સદ્વ્યવહાર અને બીજો અસદ્વ્યવહાર. સદ્વ્યવહાર આત્મ-વિકાસનું કારણ છે ત્યારે અસદ્વ્યવહાર આત્મ-વિનાશનું કારણ છે. અસદ્વ્યવહારમાં મનોવૃત્તિ ભળવાથી નિશ્ચિત વ્યવહાર થઇ જાય છે, તોપણ તેનાથી આત્મશ્રેય થતું નથી, ફકત આ જ લોકમાં લાભ મળી શકે છે. લોકોમાં પ્રમાણિકપણું વધે છે, વિશ્વાસનું પાત્ર બને છે અને કેટલેક અંશે પૌદ્ગલિક સુખનો સ્વાર્થ સાધી શકે છે. સદ્-વ્યવહારથી પુન્ય બંધાય છે અને પરલોકમાં સદ્ગતિ પ્રાપ્ત થાય છે અને નિશ્ચિત સદ્વ્ય-વહારથી કર્મની નિર્જરા થાય છે.

સદ્વ્યવહાર આત્મવિકાસ માટે કરવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે. અસદ્વ્યવહાર કેવળ આ લોકમાં સ્વાર્થ સાધવા માટે કરાય છે. સદ્વ્યવહારથી પુન્યબંધ અને પાપબંધ પણ થાય છે. સમજ્યા વગરનો સદ્વ્યવહાર પૈદ્ગલિક સુખોની ઇચ્છા રાખીને કરાય તો પુન્ય બંધાય અને આ લોકમાં જ વૈષયિક સુખોની અભિલાષા રાખીને અથવા માન-પ્રતિષ્ઠાને માટે કરવામાં આવે તો સદ્વ્યવહાર કેટલેક અંશે તુચ્છ વૈષયિક સ્વાર્થ તથા માન-પ્રતિષ્ઠાને સાધે ખરો, પણ સાથે સાથે અશુભ કર્મનો બંધ પાડે છે અને પરલોકમાં માઠી ગતિ આપે છે. સમ્યગ્જ્ઞાનપૂર્વક મનોવૃત્તિ સહિત-ઉપયોગપૂર્વકનો કેવળ આત્મવિકાસ માટે આચરેલો નિશ્ચિત સદ્વ્યવહાર કર્મની નિર્જરા કરીને મુક્તિ આપે છે. સમ્યગ્જ્ઞાન રહિત, ઉપયોગ સહિતનો સદ્વ્યવહાર જો આત્મવિકાસ માટે કરાય તો કેવળ પુન્ય બંધાય અથવા તો શુભના ઉદયથી સમ્યગ્જ્ઞાન સહિત થાય તો આત્મવિકાસનું પણ કારણ બની શકે ખરો, પણ અસદ્વ્યવહારથી તો આત્મવિકાસ થઇ શકતો નથી તેમજ તે આત્મવિકાસનું કારણ પણ બની શકતો નથી. પરોપકૃતિને લક્ષમાં રાખી નિશ્ચિત અસદ્વ્યવહાર આચરાય તો પુન્ય બંધાય, પણ નિર્જરા ન થાય. આ પ્રમાણે સંસારમાં વ્યવહાર સર્વવ્યાપી છે અને નિશ્ચય દેશવ્યાપી છે. સંસારમાં વ્યવહાર મુખ્ય છે અને નિશ્ચય ગૌણ છે. વ્યવહાર વગર નિશ્ચય રહી શકતો નથી પણ નિશ્ચય વગર વ્યવહાર રહી શકે છે. દેહાશ્રિત આત્માની જેમ વ્યવહાર આશ્રિત નિશ્ચય છે. નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ ઘણું જ ગહન અને સૂક્ષ્મ છે. ઉપર તો ઘણી જ અસ્પષ્ટ રેખા દોરી બતાવી છે. જેઓ સારી રીતે સંસારથી મુક્ત બનવા ઇચ્છતા હોય તેઓ જો અત્યારના અલ્પજ્ઞોએ બનાવી રાખેલો સદ્વ્યવહારાભાસ પાળે તો મુક્તદશા મેળવવાને લાયક જ નથી. અત્યારના અલ્પજ્ઞ કલ્પિત વ્યવહારને પાળવા જતાં આત્મવિકાસ-આત્મસંપત્તિથી વંચિત રહેવું પડે છે. પૂર્વના મહાપુરુષો પોતે દુ:ખથી મુક્તિ મેળવીને નિત્ય સુખ તથા નિત્ય જીવન મેળવવાની ઇચ્છાવાળાને માટે જે કાંઇ વ્યવહાર બતાવી ગયા હતા તેને અત્યારના તુચ્છ પૈદ્ગલિક સુખના સ્વાર્થીઓએ ફેરવી નાખ્યો છે.

મુક્તિ મેળવવાને માટે પૂર્વ પુરુષોએ બતાવેલો વ્યવહાર બિલકુલ સરળ હતો કે જેને જડ જેવા બિલકુલ નહિ ભણેલા એવા ચોર, ધાડપાડુઓ, જંગલના જડભરતોએ જાણીને આત્મશ્રેય સાધ્યું છે. દૃઢપ્રહારી, ચિલાતિપુત્ર, ઇલાચિકુમાર, પ્રભવો ચોર આદિ અનેક પુરુષો કેટલું ભણ્યા હતા? કયા કયા સૂત્રોનું અધ્યયન કર્યું હતું? અત્યારનો વ્યવહાર કેટલો પાળ્યો હતો? મહાપુરુષો કહી ગયા છે કે વસ્તુને વસ્તુરૂપે ઓળખી રાગ, દ્વેષ, કષાય વિષયથી મુક્ત થઈ જાઓ. જડને જડરૂપે ઓળખશો તો તમારો રાગદ્વેષ ઓછો થઇ જશે. જડને આશ્રયીને તમે લાભના અંગે જ રાગદ્વેષ કરો છો, તે જ્યારે તમને જડની સર્વ સુખ તથા લાભને માટે જડતા જણાશે કે તરત જ તમે જડનો સર્વથા ત્યાગ કરશો અને જડ પરની મમતા દૂર થશે કે તે જ વખતે અનેક પ્રકારના જડ તથા જડના વિકારોને મેળવીને તેના ધર્મના ઉપભોગની અભિલાષારૂપ આધિ દૂર થવાથી સાચી શાંતિ તથા સુખનો અનુભવ થશે. જડથી મનોવૃત્તિઓનું મુકાઇ જવાનું નામ મુક્તિ છે. હવે આ બાબતમાં અત્યારનો કેટલો વ્યવહાર કેટલો ઉપયોગી છે તે વિચાર કરવાથી જણાઈ આવે છે. ઉપર લખેલ સ્વાધીનતા અને પરાધીનતા તથા નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ જણાવવાનું પ્રયોજન એટલું જ છે કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અત્યારના સમયમાં વ્યવહાર પ્રમાણે વર્તવાથી સાચા ત્યાગીને આત્મશ્રેય-આત્મવિકાસમાં અંતરાયરૂપ અને ભોગીને માનસિક શાંતિ તથા નિશ્ચિંતતામાં અંતરાયરૂપ પરાધીનતા ભોગવવી પડે છે.

આત્મવિકાસ માટે કરવામાં આવતી પ્રવૃત્તિ તથા નિશ્ચિંતતા અને શાંતિ માટે કરવામાં આવતી પ્રવૃત્તિમાં અત્યારના અલ્પજ્ઞોનો વ્યવહાર બાધકર્તા થઇ પડ્યો છે.

# પ્રભુ મહાવીર.

( ટોપીવાળાનાં ટોળાં ઊતર્યાં—એ રાગ )

પ્રભુ મહાવીર ગાતાં હર્ષ ઊપજે, પ્રેમ ધરીને હૈયે બિરાજો; (૨)
નિર્મોહી નિરભિમાન. પ્રભુ મહાવીર—૧.
ઇન્દ્રો કરે જેની સેવના, ચરણઅંગૂઠે મેરુ ધ્રુજાવ્યો; (૨)
એવા પ્રભુ બળવાન. પ્રભુ મહાવીર—૨.
આમલકી ક્રીડાતણા સમે, દેવ હરાવ્યો-ઇન્દ્રે અર્પ્યું; (૨)
**મહાવીર** એવું નામ. પ્રભુ મહાવીર—૩.
દીધું વર્ષીદાન ભાવથી, સંજમ લીધો જગત માટે; (૨)
દેવ કરે યશગાન. પ્રભુ મહાવીર—૪.
વીત્યાં વર્ષો બાર મૌનમાં, તપશ્ચર્યા કીધી ભારે; (૨)
સહ્યાં ઉપસર્ગો મહાન. પ્રભુ મહાવીર—૫.
ઋજુવાલુકાના તીરમાં, શાલવૃક્ષની શીતળ છાંયે; (૨)
પામ્યા કેવળજ્ઞાન. પ્રભુ મહાવીર—૬.
સ્થાપ્યા **ગૌતમ** ગણધરપદે, સુરનરોને તિર્યંચ બોધી; (૨)
કરાવ્યું ધર્મનું ભાન. પ્રભુ મહાવીર—૭.
સમવસરણે દેતા દેશના, યોજન સુધી નાદ પહોંચે; (૨)
**માલકોશ** રસપાન. પ્રભુ મહાવીર—૮.
નૂતન સુવર્ણકમળો પરે, પગલાં માંડે દેવ જે મૂકે; (૨)
ગગડે દુંદુભિ તાન. પ્રભુ મહાવીર—૯.
**દીપોત્સવી**ના દિનમાં, નિર્વાણ પહોંચ્યા, ગૌતમ પામ્યા; (૨)
કેવળજ્ઞાન સુજાણ. પ્રભુ મહાવીર—૧૦.
**અજિત** બોધ ગૌતમને દીધો, શાસન કીર્તિ હોંશે ફેલાવી; (૨)
**હેમેન્દ્ર** હૈયે સ્થાન. પ્રભુ મહાવીર—૧૧.

રચયિતાઃ—**મુનિ હેમેન્દ્રસાગરજી મહારાજ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સિદ્ધસ્તોત્ર

રચનાર અને વિવેચક :
ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા એમ. બી. બી. એસ.

( ગત વર્ષના પૃષ્ઠ ૨૦૧ થી ચાલુ )

હવે એવા આનંદઘનસ્વરૂપ સિદ્ધ ભગવાન જે સ્થાને બિરાજે છે તેનો નિર્દેશ કરે છે—

**વસંતતિલકા**

**લોકાગ્ર ઉન્નત પરમપદમાં બિરાજે, ત્રૈલોક્યનાથ પરમેશ્વર નામ છાજે;**
**જ્યોતિઃ પરં પરમ આત્મ તિમિર પારે, તે સિદ્ધના ચરણ હો શરણું અમારે! ૬**

**શબ્દાર્થ**:—જે લોકાગ્રે ઉન્નત પરમ પદમાં બિરાજે છે, અને તેથી જેને ત્રૈલોક્યનાથ પરમેશ્વર નામ છાજે છે, અને તિમિરને પાર પહોંચેલા જે પરમજ્યોતિ પરમાત્મા છે, તે સિદ્ધના ચરણ અમને શરણરૂપ હો!

**વિવેચન—**

અત્રે સિદ્ધભગવાન કેવા ઉત્તમ પદમાં-સ્થાનમાં બિરાજે છે તે બતાવ્યું છે. લોકના અગ્રભાગે ઉન્નત-ઊંચું જે પરમપદ છે ત્યાં શ્રી સિદ્ધ સ્થિતિ કરે છે. આ 'પદ' શબ્દનો પરમાર્થ સમજવા યોગ્ય છે. પદ ને અપદ શું તેની વ્યાખ્યા આ પ્રમાણે—

**"आदह्मि दव्वभावे अपदे मोत्तूण गिण्ह तह णियदं।**
**थिर मे गमिमं भावं उवलब्भंतं सहावेण॥"**

**શ્રી કુંદકુંદાચાર્યજીપ્રણીત—શ્રી સમયસાર.**

"આત્મામાં અપદરૂપ દ્રવ્યભાવ મૂકી દઈ, નિયત સ્થિર એવો આ એક સ્વભાવથી ઉપલભ્યમાન ભાવ ગ્રહણ કર."

**"इह खलु भगवत्यात्मनि बहुनां द्रव्यभावानां मध्ये ये किल अतत्स्वभावेनोपलभ्यमानाः अनियतत्वावस्थाः अनेके क्षणिकाः व्यभिचारीणो भावाः ते सर्वेऽपि स्वयमस्थायित्वेन स्थातुः स्थानं भवितुमशक्यत्वात् अपदभूताः। यस्तु तत्स्वभावोनोपलभ्यमानः नियतत्वावस्थः एकः नित्यः अव्यभिचारी भावः स एक एव स्वयं स्थायित्वेन स्थानं भवितुं शक्यत्वात् पदभूतः॥"**

**—શ્રીમાન અમૃતચંદ્રાચાર્યજીપ્રણીત ટીકા.**

"આ ભગવંત આત્મામાં બહુ દ્રવ્ય-ભાવોની મધ્યે, અતત્ સ્વભાવે ઉપલબ્ધ થતા, અનિયત અવસ્થાવાળા, અનેક, ક્ષણિક, વ્યભિચારી એવા જે ભાવો છે, તે સર્વેય સ્વયં અસ્થાયીપણાએ કરીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થિતિકર્ત્તાનું સ્થાન હોવાને અશક્ય હોવાથી **અપદભૂત** છે. અને જે તત્ સ્વભાવે ઉપલબ્ધ થતો, નિયત અવસ્થાવાળો, એક, નિત્ય, અવ્યભિચારી ભાવ છે, તે એક જ સ્વયં સ્થાયીપણાએ કરીને સ્થાન હોવાને શક્ય હોવાથી **પદભૂત** છે. ”

તાત્પર્ય કે અસ્થાયીપણાથી સ્થાતાનું સ્થાન ન બની શકે તે અસ્થાન–અપદ; સ્થાયીપણાથી સ્થાતાનું સ્થાન બની શકે તે પદ, એટલે પરભાવ સમસ્ત તે **અપદ**, સ્વભાવ તે **પદ**. એવો સ્વભાવ સિદ્ધને સિદ્ધ થયો છે, માટે તે પરમપદમાં સ્થિત છે.

અને આમ સ્વભાવોપલબ્ધિરૂપ પરમ ઉન્નત પદમાં સ્થિત હોવાથી, તેમનું સ્થાન ત્રૈલોક્યમાં સર્વોચ્ચ હોવાથી તે ત્રૈલોક્યનાથ કહેવાય છે; તથા પરમ આત્મ ઐશ્વર્યના સ્વામી હોવાથી પરમેશ્વર કહેવાય છે.

વળી તમસ્–અજ્ઞાન અંધકારનો પાર પામી ગયેલા હોઇ, તેથી પર થયેલા હોઈ, તે પરમ જ્યોતિ-સ્વરૂપ પરમાત્મા પણ કહેવાય છે. તે પરંજ્યોતિ એવી પરમોદાત્ત જાજ્વલ્યમાન છે કે ‘ દર્પણતલની જેમ તેમાં સમસ્ત અનંત પર્યાયો સહિત પદાર્થમાલા સ્વયં એકી સાથે પ્રતિબિંબિત થાય છે. ’ ‘ તિમિરોને તો શું, પણ સર્વ તેજોને પણ તે જીતી લે છે. ’ ‘ અનાદિ કાળથી સંચિત કર્મરૂપ મેઘ-પટલી પણ સૂર્યની જેમ તેને આવરી શકતી નથી. ’

“ तज्जयति परं ज्योतिः समं समस्तैरनन्तपर्यायैः ।
दर्पणतल इव सकला प्रतिफलति पदार्थमालिका यत्र ॥ ”

**મહામુનિ શ્રી અમૃતચંદ્રાચાર્યજીકૃત પુરુષાર્થસિદ્ધિ ઉપાય.**

“ चिदानंदमयं वन्दे निःसंदेहमहं महः । तमांसि सन्तु सर्वाणि तेजांस्यपि जिगाय यत् ॥
न शक्ता यदसत्कर्त्तुमाकालमपि संहता । कर्माभ्रपटली सूर्यमिव तज्ज्योतिरानुमः ॥ ”

**—શ્રી જયશેખરસૂરિકૃત પ્રબોધ ચિંતામણિ.**

એવા પરમ જ્યોતિ પરમાત્મા સિદ્ધના ચરણ અમને શરણરૂપ હો !

અત્રે સ્તોત્રકર્ત્તા ઉત્પ્રેક્ષા કરે છે—

**લોકાગ્રમાં સકલ લોક પ્રમુખસ્થાને, શોભાવતા પ્રમુખ આસન શ્રેષ્ઠ જાણે !**
**સંચાલના ત્રિજગ સંસદની કરાવે, તે સિદ્ધના ચરણ હો શરણં અમારે ! ૭**

**શબ્દાર્થ:**—જે લોકાગ્રમાં સકલ લોકના પ્રમુખસ્થાને જાણે પ્રમુખનું ઉત્તમ આસન શોભાવતા રહી, ત્રિજગતરૂપ સંસદની–પરિષદની સંચાલના કરી રહ્યા છે તે સિદ્ધના ચરણ અમને શરણરૂપ હો !

**વિવેચન:**—અત્રે લોકાગ્રના પરમોન્નત સ્થાન પરથી ફલિત થતી ઉત્પ્રેક્ષા કરવામાં આવી છે, કે જાણે ત્રણે લોકની પરિષદ–સભા છે, તેમાં લોકાગ્રરૂપ પ્રમુખના વરાસનમાં સિદ્ધ પ્રમુખસ્થાને બિરાજ-માન છે, અને ત્રિલોક પરિષદની સંચાલના કરી રહ્યા છે.

સમસ્ત જગતના ભાવોની ચર્યા–વર્તના જે પ્રમાણે જ્ઞાનીના જ્ઞાનમાં દૃષ્ટ હોય છે, તે પ્રમાણે જ થયા કરે છે; તે અપેક્ષાએ જ અત્રે જે કથાયું છે કે ભગવાન તેની સંચાલના કરે છે, તે ઉપચાર કથન છે, બાકી ભગવાન તો નિરંજન, નિરાકાર ને કૃતકૃત્ય હોઇ અક્રિય સ્વભાવને પ્રાપ્ત થયા છે, એટલે સર્વ વસ્તુ જે સ્વ–સ્વ સ્વભાવે પરિણમ્યા કરે છે, તેના તે તો નિરપેક્ષ સાક્ષીરૂપ દૃષ્ટા–જ્ઞાતા માત્ર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"તુમ પ્રભુ જાણગ રીતિ, સરવ જગ દેખતા હો લાલ,
નિજ સત્તાએ શુદ્ધ, સહુને લેખતા હો લાલ.
પરપરિણતિ અદ્વેષપણે, ઉવેખતા હો લાલ.
ભોગ્યપણે નિજ શક્તિ, અનંત ગવેષતા હો લાલ."

**મુનિવર્ય શ્રી દેવચંદ્રજી.**

એવા પરમ પદસ્થ સિદ્ધના ચરણ અમને શરણરૂપ હો!

હવે સુસ્થિત મહારાજની ઉપમા ઘટાવે છે—

**લોકાગ્રના નૃપ સિંહાસનમાં બિરાજી, મ્હારાજ 'સુસ્થિત' યથાર્થ રહ્યા વિરાજી;**
**વિશ્વપ્રજા સમપરિણતિથી નિહાળે, તે સિદ્ધના ચરણ હો શરણું અમારે! ૮**

**શબ્દાર્થ:**—લોકાગ્રના રાજસિંહાસનમાં બિરાજી, **'સુસ્થિત'** એવું યથાર્થ નામ ધરતા જે મહારાજા વિરાજી રહ્યા છે, અને વિશ્વરૂપ પ્રજાને સમભાવથી નિહાળી રહ્યા છે, તે સિદ્ધના ચરણ અમને શરણરૂપ હો!

**વિવેચન:**—અત્રે ભગવાન સિદ્ધને મહારાજાની ઉપમા આપી છે. મહારાજા જેમ રાજ્યાસને-સિંહાસને બિરાજે છે તેમ સિદ્ધભગવાન લોકાગ્રરૂપ રાજસિંહાસને બિરાજે છે. રાજા જેમ રાજ્યાભિષેક આદિ વિધિથી રાજ્ય પર સુપ્રતિષ્ઠિત હોય છે તેમ સ્વરૂપોપલબ્ધિ આદિ વિધિથી સિદ્ધભગવાન શાશ્વત સ્થાયી ધ્રુવ-અચલ સ્થાનમાં સુપ્રતિષ્ઠિત હોય છે, અને તેથી તેને 'સુસ્થિત' નામ અર્થાન્વયપણે ઘટે છે. રાજા જેમ પ્રજા પ્રત્યે સમદૃષ્ટિથી જુએ છે તેમ સુસ્થિત મહારાજ પણ સમસ્ત વિશ્વરૂપ પ્રજાને સમપરિણતિથી નિહાળે છે ઇત્યાદિ પ્રકારે આ **ઉપમાનું** ઘટમાનપણું જણાય છે.

મહાત્મા **સિદ્ધર્ષિએ** લાક્ષણિક શૈલીમાં પ્રકાશ્યું છે કે—

(દોહરા) "તેહ પુરે પ્રખ્યાત છે, સુસ્થિત નામે રાય;
સ્વભાવથી વત્સલ અતિ, સમસ્ત સત્ત્વોમાંય."

**પ્ર. ૧, શ્લો. ૧૩૮.**

(ત્રોટક) "રમણીય મહાલયના શિખરે, વળી સપ્ત ભૂમિતલા ઉપરે;
ભુવનેશ લીલાથી બિરાજી રહ્યા, પરમેશ્વર 'સુસ્થિત' તેહ તહાં.
અધ:ભાગ વિષે સઘળું પુર તે, :વિધવિધ પ્રવૃત્તિ જહાં વરતે;
પ્રમુદિત નિરંતર જેહ અતિ, ચઉપાસથી તે નિરખે નૃપતિ.
નથી વસ્તુ કંઇ પુરમાંહિ તહાં, નથી વર્ત્તતી બ્હાર વળી ય કહાં;
નથી ગોચર જે તસ દૃષ્ટિ તળે, અવલોકન તે કરતા નૃપને."

**—ડૉ. ભગવાનદાસકૃત ઉ. ભ. પ્ર. કથા ભાષાંતર, પ્ર. ૧, શ્લો. ૧૬૬-૧૬૮.**

"પૂર્વ પ્રયોગાદિ કારણના યોગથી, ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત **સુસ્થિત** જો;
સાદિ અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો.
—અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?"

**—મહાતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી.**

એવા તે 'સુસ્થિત' મહારાજ સિદ્ધના ચરણ અમને શરણરૂપ હો! (ચાલુ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ अर्हं नमः ॥

# નવતત્ત્વ પ્રકરણ

## પદ્યમય અનુવાદ સહિત.

અનુ: મુનિશ્રી દક્ષવિજયજી મહારાજ

( ગતાંક પૃષ્ઠ ૪૫ થી શરૂ )

**मूल-समिई गुत्ती परिसह, जइधम्मो भावणा चरिताणि ।**
**पण ति दुवीस दस बार, पंच-भेएहिं सगवन्ना ॥ २५ ॥**

### છઠ્ઠું સંવર તત્ત્વ.

[ સંવર તત્ત્વના ૫૭ ભેદ ]

પાંચ સમિતિ ગુપ્તિ ત્રણ, બાવીશ પરિષહ જાણને,
મુનિધર્મ દશવિધ ભાવનાઓ, બાર સંયમ પાંચને;
સત્તાવન પ્રકારે તત્ત્વ સંવર, કર્મરોધક ધારને,

**मूल-इरिया भासेसणादाणे, उच्चारे समिईसु अ ।**
**मणगुत्ती वयगुत्ती, कायगुत्ती तहेव य ॥ २६ ॥**

[ પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, રૂપ આઠ પ્રવચનમાતા ]

ઇર્યા અને ભાષા સમિતિ, એષણા આદાનને. (૨૮)
ઉત્સર્ગ સમિતિ પાંચ એ ને, મનવચનકાયાતણી,
ત્રણ ગુપ્તિઓ એ આઠ શાસ્ત્રે, પ્રવચનમાતા ભણી;

**मूल-खुहा पिवासा सी उण्हं, दंसा-ऽचेला-ऽरइ-त्थिओ ।**
**चरिया निसीहिया सिज्जा, अक्कोस वह जायणा ॥ २७ ॥**
**अलाभ रोग तणफासा, मल सक्कार परीसहा ।**
**पन्ना अन्नाण सम्मत्तं, इअ बावीस परीसहा ॥ २८ ॥**

[ બાવીશ પરિષહો ]

ક્ષુધા તૃષા શીત ઉષ્ણ દંશ, અચેલ ને અરતિ અને,
સ્ત્રી અને ચર્યા અને, નૈષેધિકી શય્યા અને. (૨૯)
આક્રોશ વધ ને યાચના, અલાભ ને વળી રોગ ને,
તૃણસ્પર્શ મલ સત્કાર પ્રજ્ઞા, ને વળી અજ્ઞાન ને;
સમ્યક્ત્વ એ બાવીશ પરિષહ, જાણ દશ મુનિધર્મને,

**मूल-खंती मद्दव अज्जव, मुत्ती तव संजमे अ बोधव्वे ।**
**सच्चं सोअं आकिंचणं च बंभं च जइधम्मो ॥ २९ ॥**

[ મુનિધર્મના દશ પ્રકાર ]

ક્ષમા નમ્રતા ને સરલતા, નિર્લોભ તપ સંયમ અને. (૩૦)
સત્ય શૌચ અકિંચનત્વ જ બ્રહ્મચર્ય, સુધર્મ છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂલ-पढममणिच्चमसरणं, संसारो एगया य अन्नत्तं ।
असुइत्तं आसव संवरो य तह णिज्जरा नवमी ॥ ३० ॥
लोगसहावो बोही, दुलहा धम्मस्स साहगा अरिहा ।
एआओ भावणाओ, भावेयव्वा पयत्तेणं ॥ ३१ ॥

[ બાર ભાવનાએ ]

અનિત્ય પહેલી ભાવના, બીજી અશરણુ નામે ય છે;
સંસારકેરી ભાવના, એકત્વ ને અન્યત્વની,
અશુચિત્વ આશ્રવ નિર્જરા, સંવર જ લોક સ્વભાવની. (૩૧)
બોધિ દુર્લભ ધર્મના, અરિહંત સાધક દુર્લભા,
એ ભાવના સવિ ભાવિએ, જેથી મળે શિવવલ્લભા;

મૂલ-सामाइअत्थ पढमं, छेओवट्ठावणं भवे बीअं ।
परिहारविसुद्धीअं, सुहुमं तह संपरायं च ॥ ३२ ॥
तत्तो अ अहक्खायं, खायं सव्वंमि जीवलोगंमि ।
जं चरिऊण सुविहिआ, वच्चंति अयरामरं ठाणं ॥ ३३ ॥

[ ચારિત્રના પાંચ પ્રકાર ]

પ્રથમ સામાયિક ને વળી, બીજું છેદોપસ્થાપના,
પરિહાર વિશુદ્ધિ જ સૂક્ષ્મ,-સંપરાય જ સંજ્જના. (૩૨)
યથાખ્યાત છે ચારિત્ર પંચમ, ખ્યાત જગમાં જેહથી,
સુવિહિત સાધુ મુક્તિ પામે, પાળી જેને નેહથી;

મૂલ-अणसणमूणोअरिया, वित्तीसंखेवणं रसच्चाओ ।
कायकिलेसो संलीणया य बज्झो तवो होइ ॥ ३४ ॥

## સાતમું નિર્જરા તત્ત્વ.

[ બાહ્ય તપના ૭ ભેદ ]

અણુસણુ ઊણોદરિકા અને, વૃત્તિતણો સંક્ષેપ છે,
રસત્યાગ કાયા-ક્લેશ સંલીનતા છ એ તપ બાહ્ય છે. (૩૩)

મૂલ-पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ ।
झाणं उस्सग्गोऽवि अ, अब्भिंतरओ तवो होइ ॥ ३५ ॥

[ અભ્યંતર તપના છ ભેદ અને તપરૂપ નિર્જરાને ઉપસંહાર ]

દશવિધ પ્રાયશ્ચિત જાણો, વિનય સાત પ્રકાર એ,
દશવિધ વૈયાવચ્ચ ને, સ્વાધ્યાય પાંચ પ્રકાર એ;
શુભ ધ્યાન ને કાઉસ્સગ્ગ દુવિધ તપ,જાણ અભ્યંતર છ એ,
ઈમ બાર ભેદે તપસ્વરૂપી, નિર્જરાને જાણીએ. (૩૪)

મૂલ-बारसविहं तवो, णिज्जराय. बंधो चउविगप्पो अ ।
पयइ-ट्ठिइ-अणुभाग,-प्पएसभेएहिं नायव्वो ॥ ३६ ॥ (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યક્ શ્રદ્ધા રહિત જ્ઞાનની નિરર્થકતા

સંયોજક : મુનિશ્રી પુણ્યવિજયજી ( સંવિગ્નપાક્ષિક )

શ્રદ્ધાની પ્રાપ્તિ એ સૌથી દુષ્કર છે. જ્ઞાન-પ્રાપ્તિ એ દુન્યવી લોભથી પણ થઇ શકે છે, જ્યારે દુન્યવી લોભ એ સમ્યક્ શ્રદ્ધાની પ્રાપ્તિમાં કામ આવી શકતો નથી, ઊલટો અંતરાયરૂપ થઇ પડે છે. સાડાનવ પૂર્વના જ્ઞાની પણ અશ્રદ્ધાળુ રહી ગયા અને અલ્પ જ્ઞાનને ધરનારા પણ શ્રી જિનવચન પ્રત્યે નિઃશંકપણે શ્રદ્ધાળુ આત્માઓ ઉભય લોક સાધી ગયા. શ્રદ્ધાની પ્રાપ્તિ દુષ્કર એટલા માટે છે કે અમુક અંશે પણ દુન્યવી સ્વાર્થથી નિસ્પૃહ બન્યા વગર તે પ્રગટ થઇ શકતી નથી, જ્યારે જ્ઞાનની પ્રાપ્તિ સર્વ પ્રકારના દુન્યવી સ્વાર્થથી ભરેલા આત્માઓમાં પણ દુન્યવી દૃષ્ટિએ ઊંચામાં ઊંચી કોટિની લાગે તેવી પણ થઈ શકે છે. એ કારણે ઉત્તમ અગર અધમ મનુષ્યની સાચી પરીક્ષા 'તેનામાં કેટલું જ્ઞાન છે ?' એની તપાસ એ દ્વારા થઇ શકતી નથી, પરંતુ 'તે કેવી જાતિની શ્રદ્ધા ધરાવે છે ?' અર્થાત્ 'તેની શ્રદ્ધા, વિશ્વાસ અને રુચિ કયા પદાર્થ ઉપર છે ?' એની પરીક્ષા એ દ્વારા જ થઇ શકે છે.

ઊંચી કોટિનું જ્ઞાન ધરાવનાર આત્મા પણ જો અધમ કોટિની રુચિવાળો હોય, તો તે દુનિયામાં પણ ઉત્તમ ગણાતો નથી. મનુષ્યની પરીક્ષા તેની રુચિ ઉપર છે પણ માત્ર જ્ઞાન ઉપર નથી. ધનની રુચિવાળો જ્ઞાની પણ પાપી બને છે અને ધર્મની રુચિવાળો અજ્ઞાની પણ નિષ્પાપ જીવન ગાળી શકે છે. જીવનમાં પાપી બનવું કે નિષ્પાપ બનવું તેનો મુખ્ય આધાર જ્ઞાન ઉપર નથી, પણ રુચિ ઉપર છે. એ રુચિને સુધારનાર જ્ઞાન તારક છે અને બગાડનાર જ્ઞાન ડૂબાવનાર છે.

અધમ રુચિવાળા આત્માઓ પોતાની તે રુચિને છોડી નહિ શકતા હોવાથી ઉત્તમ રુચિવાળા આત્માઓ પ્રત્યે તેમનો વિરોધ ચાલુ હોય છે. એ વિરોધનું મૂળ રુચિનો ભેદ છે. જ્યાં સુધી બે વિરુદ્ધ પ્રકારની રુચિ રહેવાની છે ત્યાં સુધી એ વિરોધ પણ કાયમ રહેવાનો છે. એ વિરોધને જેઓ ટાળવા ઇચ્છતા હોય, તેઓએ રુચિનો ભેદ ટાળવાની પ્રથમ આવશ્યકતા છે. પરસ્પર વિરુદ્ધ રુચિવાળા જીવો પોતાની તે રુચિને સમાન બનાવ્યા વગર એકમતી બનાવવા માગતા હોય, અગર તેઓને જો કોઈ એકમતી બનાવવા ઇચ્છતું હોય, તો તેઓની તે ઇચ્છા કેવી રીતિએ ફલીભૂત થવાની છે ? એકમતિ બનવા માટે રુચિની એકતા કરવી એ પ્રથમ આવશ્યક છે.

તે રુચિની એકતા કરવાનો પ્રયાસ કર્યા વગર જ જગતને એક અભિપ્રાયવાળું બનાવી દેવાની ચેષ્ટા કરવી એ એક બાલિશ ચેષ્ટા જ છે. સર્વ ધર્મ સમભાવ, સર્વ દર્શન સમભાવ, સર્વ શાસ્ત્ર સમભાવ આદિની વાતો કરનારા એ ધર્મરુચિ સમાજને ધર્મરુચિથી ભ્રષ્ટ કરી અધર્મરુચિ બનાવવા માટેનો પ્રયાસ કરનારા છે. રુચિભેદ રહેવાનો છે, ત્યાં સુધી ધર્મભેદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ રહેવાનો છે. ધર્મભેદ રહેવાનો છે, ત્યાં સુધી દર્શનભેદ પણ રહેવાનો છે. દર્શનભેદ રહેવાનો છે, ત્યાં સુધી શાસ્ત્રભેદ પણ રહેવાનો જ છે અને શાસ્ત્રભેદ રહેવાનો છે, ત્યાં સુધી જ્ઞાનભેદ પણ રહેવાનો છે. એ જ રીતિએ સર્વ જાતિ–સમભાવ, સર્વ સંપ્રદાય–સમભાવ, નરનારી સમભાવ આદિની વાતો પણ તેટલી જ ઉન્માર્ગે દોરનારી છે. જ્યાં સુધી આચારભેદ રહેવાનો છે, ત્યાં સુધી વિચારભેદ પણ રહેવાનો છે. જ્યાં સુધી વિચારભેદ રહેવાનો છે ત્યાં સુધી યોગ્યતાભેદ પણ રહેવાનો છે અને જ્યાં સુધી યોગ્યતાભેદ રહેવાનો છે, ત્યાં સુધી સંપ્રદાય ભેદ અને નરનારીનો ભેદ પણ રહેવાનો જ છે.

વિના શ્રદ્ધા જ્ઞાનની પ્રાપ્તિ શકય નથી અને શ્રદ્ધાથી ચ્યુત થનારાનો વિનિપાત સુનિશ્ચિત છે. શ્રદ્ધા એ સર્વ ગુણોનું મૂળ છે. પરમાર્થના માર્ગમાં કે વ્યવહારના માર્ગમાં શ્રદ્ધાભ્રષ્ટ આત્માઓ સર્વદા નાલાયક મનાયા છે. કોઈ પણ આત્માને તેના કલ્યાણમાર્ગથી ભ્રષ્ટ કરવો હોય તો તેનો સરળમાં સરળ ઉપાય એ છે કે સૌથી પ્રથમ તેના કલ્યાણમાર્ગની શ્રદ્ધાથી ભ્રષ્ટ કરવો. માનસશાસ્ત્રીઓનું પણ કહેવું છે કે વિચાર એ આચારને ઘડનાર છે. કોઈ માણસને સુધારવો યા બગાડવો હોય તો સૌથી પહેલાં તેના વિચારો ફેરવવા પ્રયત્ન કરવો જોઇએ. જ્યાં સુધી તે પોતાના વિચારોમાં મક્કમ હશે ત્યાં સુધી તેને તેના આચારમાર્ગથી ખસેડવો દુ:શકય છે.

વિચારોની મક્કમતાનું નામ જ શ્રદ્ધા છે. એ શ્રદ્ધા જ્ઞાનથી ઘડાય છે એ વાત સાચી છે, તો પણ સર્વ પ્રકારનું જ્ઞાન શ્રદ્ધાને ઘડનાર કે દૃઢ કરનાર જ થાય છે એમ કહેવું એ સાચું નથી. જ્ઞાનથી જેમ વિચારો અને શ્રદ્ધા મક્કમ બને છે, તેમ જ્ઞાનથી જ વિચારો અને શ્રદ્ધા નષ્ટ થાય છે યા શિથિલ બને છે. શ્રદ્ધાને ઘડનાર, સ્થિર કરનાર કે વધારનાર જ્ઞાન જેમ સહાયક અને આદરણીય છે તેમ શ્રદ્ધાને બગાડનાર, ઉખેડનાર કે નાશ કરનાર જ્ઞાન તેટલું જ અનર્થકારક અને અનાદરણીય છે. બધાનો મથિતાર્થ એ જ છે કે માનવીને ચઢાવવો કે પાડવો હોય તો સૌથી પ્રથમ એની વિચારણાને પલટાવવાની જ મોટામાં મોટી આવશ્યકતા રહે છે અને એટલા માટે કોઇ પણ ક્ષેત્રના નાયકો સૌથી પ્રથમ પ્રયત્ન તેને માટે જ કરે છે.

આ ઉપરથી વસ્તુસ્થિતિ જાણનારા બહુ સહેલાઇથી સમજી શકશે કે શ્રી જૈન શાસને વિપરીત શ્રદ્ધાનરૂપ મિથ્યાત્વને પરમ શત્રુ તરીકે સ્વીકાર્યો છે તે સોએ સો ટકા વ્યાજબી છે. મિથ્યાત્વ એ વિચારોને વિપરીત માર્ગે પલટાવનાર છે અને એટલા માટે જ શ્રી જૈન શાસનથી ચ્યુત કરવાનો ઈરાદો ધરાવનાર કોઈપણ આત્મા શ્રી જૈન શાસનને અનુસરનાર આત્માઓની સમ્યક્ શ્રદ્ધા ઉપર પ્રથમ ઘા કરે છે. શ્રદ્ધા ઉપર ઘા કર્યા વિના કેવળ આચારોને ખોટા વર્ણવવા પ્રયત્ન કરનારા શ્રી જૈન શાસનને પરાજિત કરવા માટે કદી પણ સફળ થઈ શકતા નથી. જેટલી સફળતા તેઓ શ્રદ્ધાને નબળી પાડવામાં મેળવી શકે છે તેટલી જ સફળતા તેઓને ત્યારપછી બીજા કાર્યોમાં મળી શકે છે. આ વસ્તુ ધ્યાનમાં રાખીને જ કેટલાક બહુલકર્મી આત્માઓ શ્રી જિનમતના અનુયાયીઓની શ્રદ્ધાના પાયા હચમચાવવા ભારે પ્રયત્ન કરી રહ્યા જોઇ શકાય છે. શાસનનો પાયો શ્રદ્ધા છે અને એ શ્રદ્ધાને જ ઉડાવવાનો પ્રયત્ન કરનારા શાસનના પાયાને જ ઉખાડવાનો પ્રયત્ન કરનારા છે.

શ્રદ્ધા યાને સન્માર્ગ પ્રત્યેની રુચિ એ માનવસમાજનું અને જૈન સમાજનું અમૂલ્ય ધન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈનાગમ નિયમાવલી

( ગતાંક પૃષ્ઠ ૫૨ થી શરુ )

લેખક: આ. શ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ.

૪૧ કર્મનો બંધ થયા વિના કર્મની સત્તા કહેવાય જ નહિ.

૪૨ જે જીવો સૂક્ષ્મનિગોદમાંથી નીકળ્યા નથી ને નીકળશે પણ નહીં જ તેવા જીવો અવ્યવહારરાશિના જાણવા. અવ્યવહારરાશિમાંથી નીકળ્યા બાદ ફરી સૂક્ષ્મનિગોદમાં જનારા જીવો પણ વ્યવહાર રાશિના જ કહેવાય; કારણ કે અવ્યવહારરાશિમાંથી જેઓ એકવાર પણ નીકળીને પૃથ્વીકાયાદિપણે ઊપજ્યા હોય, તે જીવો વ્યવહારરાશિના જ કહેવાય છે. કર્મના યોગે ભારેકર્મી જીવો પૃથ્વીકાયાદિના બહુ ભવ કર્યા બાદ પણ અવ્યવહારાશિ સૂક્ષ્મનિગોદમાં અનેકવાર જાય છે.

૪૩ શુકલપાક્ષિક જીવો મોડામાં મોડા અર્ધપુદ્ગલપરાવર્ત્ત કાલ પૂરો થયા બાદ જરૂર મોક્ષે જાય જ તે જીવોમાં કેટલાએક જીવો મિથ્યાદષ્ટિ પણ હોય. એમ શ્રી દશાશ્રુતસ્કંધના છઠ્ઠા અધ્યયનમાં ચૂર્ણિકાર ભગવંતે જણાવ્યું છે.

---

એ ધન જેટલું અમૂલ્ય છે, તેટલું જ તેનું રક્ષણ કરવું કઠિન છે. અમૂલ્ય વસ્તુઓને પડાવી લેનારા, પડાવી લેવા માટે તાકી રહેનારા અને એ ચાલ્યું જાય તો રાજી થનારા દુનિયામાં ઓછા હોતાં નથી.

વિપરીત શ્રદ્ધાનરૂપ મિથ્યાત્વના નાશનો પરમ ઉપાય જગતના એકના એક સન્માર્ગરૂપ શ્રી અરિહંતાદિ સુદેવ, સુગુરુ અને સુધર્મ-તત્ત્વની શ્રદ્ધાપૂર્વક આરાધના જ છે,

૪૪ સંપૂર્ણ ભવચક્રમાં ઉપશમશ્રેણિને કરવાનો અને આહારક શરીરને બનાવવાનો અવસર ચાર વાર પ્રાપ્ત થઈ શકે. જે ભવમાં ચોથી વાર ઉપશમશ્રેણિ કરે, અથવા આહારક શરીર બનાવે, એવા ભવ્યજીવો તે જ ભવમાં જરૂર મોક્ષે જાય. એમ શ્રી બૃહત્કલ્પ ભાષ્યાદિમાં જણાવ્યું છે.

૪૫ ગુરુ છદ્મસ્થ અવસ્થામાં હોય તો પણ તે કેવલજ્ઞાનને પામેલી સાધ્વીને ન જ વાંદે; કારણ કે ધર્મમાર્ગમાં પુરુષની પ્રધાનતા છે એમ શ્રી હરિભદ્રસૂરિ મહારાજે શ્રી આવશ્યક સૂત્રની મોટી ટીકામાં જણાવ્યું છે.

૪૬ વજ્રઋષભનારાચસંઘયણવાળા જીવોને દર્શનાવરણીય કર્મનો તીવ્ર ઉદય થતાં સ્ત્યાનર્દ્ધિનિદ્રાનો ઉદય થાય તે વખતે વાસુદેવની જેટલી તાકાત હોય, તેનાથી અડધી તાકાત તેમની છે. બીજા–પાંચમાંના કોઈ પણ સંઘયણવાળા જીવોને સ્ત્યાનર્દ્ધિનિદ્રાનો ઉદય થતાં તેવી તાકાત ન જ હોય, પણ પોતાના સ્વાભાવિક બળ કરતાં બમણું, તમણું કે ચારગણું બળ હોય છે એમ શ્રી બૃહત્કલ્પ સૂત્રના ભાષ્યમાં જણાવ્યું છે.

૪૭ વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત વિમાનના દેવો ત્યાંથી દેવભવનું આયુષ્ય પૂર્ણ થતાં ઉત્તમ મનુષ્યપણું જ પામે પણ તિર્યંચપણું પામે જ નહિ. આ મનુષ્યાયુષ્ય પૂરું કરીને તે દેવભવમાં જાય તો વૈમાનિક દેવ જ થાય ને તેઓ વધારેમાં વધારે સંખ્યાતા જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવ કરીને મોક્ષે જાય. જઘન્યથી તો એક–બે ભવ કરીને પણ મોક્ષે જાય.

૪૮ તમામ સંસારી જીવોને અક્ષરનો અનંતમો ભાગ કાયમ ખુલ્લો જ રહે છે. તીવ્ર જ્ઞાનાવરણીય કર્મના ઉદયકાલમાં પણ તે પુદ્ગલો તેને ઢાંકી શકતા નથી.આ જ અપેક્ષાએ નિગોદમાં રહેલા જીવોને જીવ તરીકે માન્યા છે, અને તેમને મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનક કહ્યું છે. એમ શ્રી નંદીસૂત્ર ટીકા, કર્મગ્રંથ ટીકાદિમાં જણાવ્યું છે.

૪૯ ૩ મિશ્રગુણસ્થાનકે, ૧૨ ક્ષીણકષાય વીતરાગછદ્મસ્થ ગુણસ્થાનકે, ૧૩ સયોગીકેવલિ ગુણસ્થાનકે જીવ મરણ પામે જ નહિ એમ શ્રી ગુણસ્થાનક ક્રમારોહાદિમાં જણાવ્યું છે.

૫૦ મતિજ્ઞાન–શ્રુતજ્ઞાનને ધારણ કરનારા ભવ્યજીવો જ અવધિજ્ઞાની અથવા મનઃપર્યવજ્ઞાની બને એમ શ્રી તત્ત્વાર્થ સૂત્રાદિમાં જણાવ્યું છે.

૫૧ ગૃહસ્થવેષમાં તીવ્રભાવ ચારિત્રાદિ સદ્ગુણોને લઈને શ્રી ભરતમહારાજાદિના દૃષ્ટાંતે કેવલજ્ઞાન થઈ શકે, પણ મનઃપર્યવજ્ઞાન તો ન જ થઈ શકે કારણ કે સાતમા અપ્રમત્તગુણસ્થાનકે રહેલા સંયમધારક ભવ્ય જીવોને જ મનઃપર્યવજ્ઞાન પ્રકટ થાય, એમ પૂજ્ય શ્રી મલયગિરિજી મહારાજે શ્રી પ્રજ્ઞાપના સૂત્રના ત્રીજા પદની ટીકામાં જણાવ્યું છે.

૫૨ એક ભવમાં બે આયુષ્યનો બંધ કે ઉદય થાય જ નહિ પણ બે આયુષ્યની સત્તા જરૂર હોઇ શકે, કારણ કે ચાલુ ભવનું આયુષ્ય ભોગવતાં તેનો અમુક ભાગ ગયા પછી આગામી ભવનું આયુષ્ય બંધાય છે, તેથી એક ચાલુ ભવના આયુષ્યની સત્તા અને બીજી બાંધેલા આયુષ્યની સત્તા એમ બે આયુષ્યની સત્તા જિંદગીના છેલ્લા અમુક ભાગમાં જ હોઈ શકે. એમ શ્રી પ્રજ્ઞાપના સૂત્રવૃત્તિ વગેરેમાં જણાવ્યું છે.

૫૩ જ્યોતિષી દેવોને તથા સૌધર્મ–ઈશાન દેવલોકના દેવોને એક તેજોલેશ્યા હોય, ને નવમા આનત દેવલોકથી માંડીને ઠેઠ સર્વાર્થસિદ્ધ વિમાન સુધીના દેવોને એક શુક્લલેશ્યા હોય.

૫૪ લબ્ધિપર્યાપ્તા પૃથ્વીકાય–જલ–વનસ્પતિમાં ભુવનપતિ–વ્યંતર–જ્યોતિષી–સૌધર્મ–ઇશાન દેવલોકના દેવો ઉત્પન્ન થાય છે, કારણ કે તેમને ઘરેણાં, વાવડીનું પાણી, કમલ વગેરેમાં મોહ હોય છે.

૫૫ કર્મબંધમાં અને મોક્ષમાં મનની ભાવના કારણ છે. કહ્યું છે કે: **'मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः ।'**

૫૬ બીજાનું બૂરું કરવાની ચાહના કરતાં પોતાનું બૂરું જરૂર થાય છે. સામાનું બૂરું કરવું એ પોતાના હાથમાં છે જ નહિ. તેમ થવું એ સામાના કર્મને આધીન છે. આવી ભાવનાથી મહાપુરુષો બીજાનું અનિષ્ટ ન ચિંતવતાં કર્મફલને વિચારીને સમતાદિ ગુણોની સેવના કરીને સર્વજ્ઞ બની સિદ્ધ થાય છે.

૫૭ એવું એક સુખ છે કે જેમાં દુઃખનો અંશ હોય જ નહિ. જે કાયમ રહે તથા જે મળ્યા પછી ' એથી ચઢિયાતું સુખ છે જ નહિ માટે ' બીજા સુખની ઇચ્છા થાય જ નહિ. તે સુખને સિદ્ધપરમાત્મા પામ્યા છે.

૫૮ કર્મોના અભાવે જ સિદ્ધપરમાત્માને દેહ–આયુષ્ય–કર્મ–પ્રાણ વગેરે હોય નહિ તથા જન્માદિ પણ હોય નહિ.

૫૯ એકાવતારી દેવોને દેવાયુષ્યના છેવટના છ માસ બાકી રહે ત્યારે પણ ચ્યવનને સૂચવનારા ચિહ્નો પ્રકટ થતા નથી એમ શ્રી પરિશિષ્ટ પર્વાદિમાં પૂજ્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી વગેરે મહાપુરુષોએ જણાવ્યું છે.

૬૦ જેને તૈજસ શરીર અને કાર્મણ શરીર ન હોય એવો કોઈ પણ સંસારી જીવ હોય જ નહિ.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમર આત્મમંથન

( ગતાંક પૃષ્ઠ ૪૭ થી શરુ )

લેખક : અમરચંદ માવજી શાહ.

૧૧ તમારી કોઇ પ્રશંસા કરે તો ફૂલાઇ જશો નહિ, વિરોધ કરે તો રોષ કરશો નહિ પરંતુ કર્ત્તવ્યમાં મશગૂલ રહેજો, કારણ કે દુનિયા દોરંગી છે. કોઇ પ્રશંસક હશે, કોઈ વિરોધક હશે; એ બન્નેમાં સમભાવ કેળવી સત્યના પંથે પ્રવૃત્તિ કરવી.

૧૨ જ્યાં સત્ય છે ત્યાં ડર નથી, ભય નથી. એક અસત્ય સો અસત્ય બોલવાનું નિમિત્ત બને છે. એક સત્ય સો આફતોમાંથી બચાવે છે. સત્ય એ જીવનરૂપી ગ્લોબમાં ઇલેક્ટ્રિકરૂપી લાઈટ છે. સદા ય નિર્ભય છે.

૧૩ એટલું તો જરૂર સમજી લેજો કે અનિતીનો એક પૈસો આવે છે તો બે પૈસા જતાં પણ છૂટકો થતો નથી. આવે ત્યારે મીઠાં લાગે પણ તેનાં ફળ કડવાં જ પાકે છે અને એ જાય છે એવી રીતે કે દુ:ખદાયક રીતે દર્દી બનાવીને, આફતમાં દબાવીને. એ કરતાં નીતિમય ધન પ્રાપ્ત કરવાથી ન દર્દ થાય કે ન પૈસા જાય. સરવાળો સરખો છે.

૧૪ તમે એમ ન માની બેસશો કે મારા જેવો કોઈ નથી, પણ માનમાં રહેજો. ખોટા અભિમાનમાં તણાઇ ન જતા; નહિતર કર્તવ્યપંથ ચૂકી જશો અને એવા ગબડી પડશો કે તમને તમારું જીવન અભિમાનરૂપી મદના ભારથી ભારરૂપ લાગશે. નિરાભિમાની રહેશો તો જીવન શોભશે. નમ્રતા તથા સરળતા અભિમાન દૂર કરવાની ઔષધિ છે.

૧૫ તમે જેવા હો તેથી વધુ કંઇ દમામ ન રાખજો; નહિંતર 'ઢોંગી' નું ઉપનામ સાંપડશે. સંતપુરુષો તેના દમામથી દીપતાં નથી પણ તેમનાં ઉત્તમ આચારથી, પવિત્ર ચારિત્રથી દીપે છે. તમારામાં પાત્રતા હશે તો સર્વે માનની દૃષ્ટિએ જ નિરખશે.

૧૬ સ્વચ્છ રહેજો, પણ સાદાઈ ન છોડજો. જો જો તમારી કિંમત તમારા વેષથી નહિ અંકાવવા મથતા પણ તમારા ઉત્તમ ગુણોથી એની મેળે જ તમારી કિંમત અંકાશે.

૧૭ કપડાં ઉપર લાગેલો ડાઘ જશે, પણ જીવનમાં લાગેલો કાળો ડાઘ ભૂંસાવો મુશ્કેલ છે. માટે એવો ડાઘ ન પડે તેની ખૂબ સાવચેતી રાખજો. અંત:કરણમાં પવિત્રતાની સુવાસ ભરજો, વિવેકપૂર્વકનું વર્તન રાખજો.

૧૮ કોઈ પણ માણસ પોતાની મતલબ સાધવામાં મશહૂર હોય છે, માટે કોઇની ગમે તેવી વાતોમાં ભોળવાઇ ન જતા તેમ જ પોતાના સ્વાર્થ માટે અવરનું અહિત નહિ કરતા.

૧૯ કોઇ પણ માણસ કોઇ પણ ધર્મનો, કોઇપણ આચારવિચારનો હોય તેની સાથે તમારે કાંઇ મતલબ નથી; પરંતુ તેમાં શું સારું છે તે ઉપર જ લક્ષ આપો અને તમારા પ્રેમભર્યા વર્તને સર્વના દિલમાં લાગણી પ્રગટાવી તમારા શુદ્ધ આચારવિચારની હળવી છતાં મૂંગી છાપ પાડો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૦ અન્યના સદ્‌વિચારો ગ્રહણ કરો, દોષયુક્ત તરફ દુર્લક્ષ સેવો, પરંતુ તેની દુગંછા કરી વિરોધ નહિ વહોરી લેજો.

૨૧ દુઃખમાં પણ સુખ માનો. રાત્રિ પછી દિવસ ઊગવાનો છે એ સત્ય પ્રત્યક્ષ છે તો દુઃખ પછી સુખ અવશ્ય છે માટે એ સ્થિતિ સમભાવે સહન કરો. ઘનઘોર રાત્રિમાં પણ માનવજાતે ઇલેક્ટ્રિક લાઇટ પ્રગટાવી તો દુઃખમાં શું સુખની લાઇટ નહિ શોધી શકાય ?

૨૨ સુખ અને દુઃખ એ મનના કારણો છે. જે સ્થિતિમાં કે જે સંજોગોમાં જીવન જીવાય તેમાં જો સંતોષ રખાય તો તેના જેવી સુખની લાઇટ હાલ તો શોધી શકાઇ નથી.

૨૩ સુખ એ શુભકર્મનો ઉદય છે અને તે આવવાથી પુન્યનો ખજાનો ખાલી થાય છે, અને દુઃખ એ અશુભ કર્મનો ઉદય છે તે ભોગવી લેવાથી પાપનો ખજાનો ખાલી થાય છે.

૨૪ અમૂલ્ય માનવજીવનની એક પણ પળ નિષ્ક્રિયપણે નિરર્થક ચાલી જાય એ પરવડવું નહિ જોઇએ. ગયેલા પૈસા કદીયે પાછા આવે છે પણ ગયેલી પળ મળવી મુશ્કેલ છે.

૨૫ મુખથી અપશબ્દ બોલવાની ટેવ નિંદ્ય છે. એક વખત એવી છૂટ લીધી એટલે કારણ વગરની કુઆદત પડી અનર્થ નીપજાવે છે, જેનો ગંદો વારસો બાળકોને પણ જાણ્યે અજાણ્યે મળી જાય છે.

૨૬ એક બાળકને અપશબ્દ બોલતાં મા-બાપે સાંભળ્યો અને બાળક સમજી હસી કાઢયું, મોટો થતાં તે વલણ ચાલુ જ રહ્યું અને મા-બાપને પણ ગાળો દેવા લાગ્યો, તેમાં દોષ કોનો ?

૨૭ બાળકમાં કુટેવનાં બીજ રોપાય તે પહેલાં જ ચીવટ રાખવી. બાળપણમાં જે ટેવ પડે છે તે તો જીવન સાથે જડાય છે, માટે શરૂઆતમાં જ સભ્યતાથી બોલવાની ટેવ પડાવજો.

૨૮ તમારી પ્રવૃત્તિમાં તમારા દેહમંદિરનું ધ્યાન જરૂર રાખજો; કારણ કે આત્મવિકાસનું એ પરમ સાધન છે. એ જીર્ણ કે અશક્ત થશે તો વિકાસ અટકી જશે અને સશક્ત હશે તો કલ્યાણ સાધી શકાશે.

૨૯ અમૂલ્ય માનવજીવનને વેડફી નહિ નાખજો. કંટાળો આવે ત્યારે આરામ લેજો. આરોગ્ય નહિ બગાડતાં એ એન્જિન જેવા દેહ-મંદિરને વ્યવસ્થિત ચલાવવાથી જેમ તે રેલ્વેને ઇચ્છિત સ્થળે પહોંચાડે છે તેમ તમને ઇચ્છિત ધ્યેયે પહોંચાડવામાં મદદગાર થશે.

૩૦ દેહનું સાત્ત્વિક નિર્દોષ આહારથી પોષણ કરજો ( જીવવા માટે, સ્વાદ માટે નહિ ), સંયમ સાચવજો. સાધકબાધકનો વિવેક રાખજો, છતાં રેલ્વે માફક અકસ્માત નડે તો ધ્યેય-સિદ્ધિનો નિશ્ચય દૃઢ રાખી પુનર્જીવનમાં એ સાધના ચાલુ રહે તેવી ભાવના ભાવજો. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવનની સાર્થકતા અને હીરવિજયસૂરિજી

( સં. મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ વિસનગર )

જેમ ઉદયની પાછલ અસ્ત એ નિયમ રહેલ છે તેમ જન્મની પાછળ મરણ અવશ્ય રહેલું છે. રાજા હો કે મહારાજા હો, શેઠ હો કે શાહુકાર હો, ગરીબ હો કે તવંગર હો, બાળક હો કે વૃદ્ધ હો, સ્ત્રી હો કે પુરુષ હો, અરે! સાક્ષાત્ દેવ જ કેમ ન હોય, દરેકને-જન્મ ધારણ કરનારને-વ્હેલા કે મોડાં મરવું અવશ્ય પડે છે. પરન્તુ મરવા મરવામાં ફરક છે. જેઓએ આ સંસારમાં જન્મ ધારણ કરીને પોતાના **"જીવનની સાર્થકતા"** કરી લીધી છે, તેને મરવું એ એક આનંદનો વિષય થઈ પડે છે; કારણ કે તેને એ વાતની ચોક્કસ ખાતરી છે કે મને નિંદ્ય-તુચ્છ માનુષી શરીર છોડીને દિવ્ય શરીર મળવાનું છે. ખરું છે કે-જેને ઝુંપડી છોડ્યા પછી મોટો મહેલ મળવાની ખાતરી હોય તેને ઝુંપડી છોડતાં ખેદ થાય જ નહિ. હવે જે મનુષ્ય પોતાના જીવનની કંઇ પણ સાર્થકતા કરતો નથી. તેને હાય, શું થશે? હાય શું થશે? એવી હાયહાયમાં જ મરવું પડે છે. એટલે આ જન્મમાં જેવી હાય હાય તેવી જન્માન્તરમાં પણ હાય હાય જ રહેવાની.

જીવનની સાર્થકતા જો કોઈમાં રહેલી હોય તો ઉત્તમોત્તમ ગુણોમાં રહેલી છે. દયા, દાક્ષિણ્ય, વિનય, વિવેક, સમભાવ અને ક્ષાન્ત્યાદિ ગુણો એ જ જીવનની સાર્થકતાના હેતુઓ છે. આપણા જગદ્‌ગુરુ **"શ્રી હીરવિજયસૂરિ"** આવા ઉચ્ચતમ ગુણોના ભંડાર હતા એમ કહીએ તો લગારે ખોટું નથી. પોતાની જીવનયાત્રામાં અવારનવાર પડતી તકલીફોને તેમણે જે સહનશીલતાથી સહન કરી છે, તે તેમના જીવનની સાર્થકતાને જ સૂચવે છે. ગુજરાત જેવા રમ્ય અને પરમ શ્રદ્ધાળુ પ્રદેશને છોડીને મહાન કષ્ટો ઉઠાવી ફતેહપુરસીકરી સુધી જવું અને તે પ્રદેશમાં ચાર વર્ષ સુધી રહી અકબર જેવા મુસલમાન સમ્રાટ્‌ને પ્રતિબોધી આખા વર્ષમાં છ મહિના ઉપરાંત જીવહિંસા બંધ કરાવવાનું કાર્ય શું ઓછી જીવનની સાર્થકતા બતાવે છે? આ સિવાય પોતાના સાધુધર્મ ઉપર તેઓની કેટલી આસ્થા હતી, તેઓનો સમભાવ કેવો હતો, એટલી ઊંચી હદે પહોંચવા છતાં તેઓ કેવી નમ્રતા, વિનય, વિવેક અને લઘુતા રાખતા હતા, અને તેઓની ગુરુભક્તિ કેવી પ્રશંસનીય હતી, એ સંબંધી તેમના જીવનમાંથી મળતા પ્રસંગો તરફ જ્યારે ધ્યાન આપીએ છીએ ત્યારે ખરેખર તેમના જીવનની સફળતાને માટે કોઇને પણ આનંદ થયા વિના રહેતો નથી.

**"શ્રી હીરવિજયસૂરિ"** પોતાના સાધુધર્મમાં કેટલા દઢ હતા અને પોતાના જ નિમિત્તે થયેલી વસ્તુઓને નહિ વાપરવામાં કેટલો ઉપયોગ રાખતા હતા તે સંબંધી ઘણા પ્રસંગ જોવામાં આવતા હતા અને ભાવિ શ્રાવકોને ઉપદેશ આપતા હતા. એ મહાપુરુષની જયંતી ઠેર ઠેર ઊજવાય છે. એ જ તેમના જીવનની સાર્થકતા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ............વર્તમાન સમાચાર............

## પંજાબના વર્તમાન.

પટ્ટી નગરમાં આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ પોતાના શિષ્યપ્રશિષ્યાદિ મુનિ. મંડળ સહિત ચાતુર્માસ બિરાજવાથી શ્રી સંઘમાં અને નગરનિવાસીઓમાં ભારે ઉલ્લાસ વ્યાપી રહેલ છે.

આચાર્યશ્રીજીની અધ્યક્ષતામાં પર્વાધિરાજ શ્રી પર્યુષણા પર્વ સાનંદ સમારોહપૂર્વક આરાધન થયાં છે. આજકાલની પરિસ્થતિ ગંભીર હોવા છતાં ગુજરાંવાલા, લાહોર, અમૃતસર, કસૂર, ખાનગા–ડોગરા, જહેલમ, જંડીયાલા, લુધીયાના, અંબાલા, સઢોરા, રાયકોટ, લાયલપુર, ફાજલ કા બંગલા વગેરે વગેરે સ્થળોથી સેંકડો શ્રાવકશ્રાવિકાઓ શ્રી પર્યુષણા પર્વ આરાધન કરવા સારુ પધાર્યા હતા. એમાં બાબુ જ્ઞાનચંદજી સબ જજ જેવા સંભાવિત સદ્ગૃહસ્થો પણ સારા પ્રમાણમાં હતા.

લાલા ચિરંજીલાલજી વૃજલાલજીએ શ્રી કલ્પસૂત્ર અને લાલા નંદલાલજી તીર્થરામજીએ પારણું પોતાના ઘરે લઇ જઇ રાત્રિજગા–પ્રભાવનાઓ કરી હતી.

શ્રી કલ્પસૂત્ર–રથયાત્રાનો ભવ્ય વરઘોડો ચઢયો હતો.

શ્રી પર્યુષણાના ત્રણ દિવસ લાલા દીવાનચંદજી કાશીરામજી, લાલા ગોરામલજી શાંતિદાસજી, લાલા રૂપલાલજી કસ્તૂરીલાલજીએ જુદી જુદી પૂજાઓ ભણાવી પ્રભાવનાઓ કરી હતી.

શ્રી પર્યુષણાના આઠે દિવસ સવારના વ્યાખ્યાન બાદ લાલા તારાચંદજી ચીમનલાલજીએ પ્રભાવનાઓ કરી હતી અને મહાવીરજન્મના દિવસે બાબુ જ્ઞાનચંદજી સબ જજે પણ પ્રભાવના કરી ભક્તિ પ્રદર્શિત કરી હતી.

સંવત્સરીના દિવસે બારસાસૂત્ર વંચાયા પછી આચાર્યશ્રીજીની સાથે ચતુર્વિધ શ્રી સંઘે ચૈત્યપરિપાટી કરી હતી તથા સંવત્સરી પ્રતિક્રમણ કરતાં ૮૪ લક્ષ જીવાયોનિને ખમાવી હતી.

પ્રતિક્રમણ બાદ લાલા મક્ખનલાલજી ભદંડા, લાલા કિશોરીલાલજી માલેરકોટલા, લાલા ગોરામલજી શાંતિદાસજી પટ્ટીએ પ્રભાવનાઓ કરી હતી.

દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, સાધારણદ્રવ્યની આવક પણ સારી થઇ હતી.

તપશ્ચર્યા અઠાઇઓ આદિ પણ સારી થઇ.

શ્રી પર્યુષણા પર્વના આઠે દિવસ બહારથી પધારેલ સેંકડો સાધર્મિક બંધુઓની નાસ્તા, બન્ને વખત ભોજન આદિથી ભક્તિ તથા પાંચમના દિવસે બહારના અને પટ્ટીનગરના તમામ સાધર્મિક બંધુઓને પારણાં કરાવી બપોરે સાધર્મિક વાત્સલ્ય કરી લહાવો લેનારા સ્વર્ગીય લાલા નંદલાલજી નાહરના સુપુત્રો લાલા સુંદરલાલજી, કસ્તૂરીલાલજી, રાજકુમારજી મૂલખરાજજીનો પંજાબ શ્રી સંઘના તરફથી સત્કાર કરતાં બાબુ જ્ઞાનચંદજી સબ જજ અને અંબાલાનિવાસી લાલા હરિચંદજી ઇંદ્રસેનજીએ વિવેચન કરી ધન્યવાદ આપ્યો અને લાલા હરિચંદજી ઇંદ્રસેનજીની પ્રેરણાથી લાલા ખેરાયતીરામજી, ટેકચંદજી જંડીયાલાનિવાસીએ સોનેરી હાર પહેરાવ્યા હતા.

એકંદરે શ્રી પર્યુષણા પર્વ નિર્વિઘ્નપણે આચાર્યશ્રીજીની પરમ કૃપાથી ઊજવાયાં હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહારના પધારેલા ભાઈઓને વ્યાખ્યાનનો વિશેષ લાભ મળે એટલા સારુ આચાર્યશ્રીજી વ્યાખ્યાન બંધ ન રાખતાં આઠે દિવસની થકાવટ હોવા છતાં વ્યાખ્યાન ચાલુ રાખી ઉપદેશામૃત વહેવડાવ્યે જતા.

પર્યુષણા પર્વ પહેલાં લાલા નંદલાલજીના સુપુત્ર લાલા તીર્થરામજીએ અટ્ઠાઇ કરી હતી અને પારણાંના દિવસે માસખમણ ( શ્રા. વ. પાંચમ )ના દિવસે તપશ્ચર્યા કરનારા તમામ ભાઇ બહેનોને સાથેજ પારણાં કરાવ્યાં હતાં.

આઠમના દિવસે તપશ્ચર્યા કરવાવાળાઓને લાલા ચિરંજીલાલજી વૃજલાલજીએ પારણાં કરાવ્યાં હતા.

---

પૂજ્યપાદ આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની સુકૃપાથી ગુજરાંવાલા, અમૃતસર, લુધીયાના, અંબાલા, માલેરકોટલા, લાહોર, હુશિયારપુર, શિયાલકોટ આદિ સ્થેળોએ પર્વાધિરાજ શ્રી પર્યુષણા પર્વ સાનંદ આરાધન થયાં હતા. પૂજા, પ્રભાવના, તપજપ વગેરે કાર્યો સારાં થયાં હતા. શ્રી કલ્પસૂત્રનું વાચન થયું હતું, દેવદ્રવ્યાદિની આવક પણ સમયાનુસાર સારી થઇ હતી.

માલેર કોટલામાં શ્રીમાન્ નવાબ સાહેબ સંવત્સરીના શુભ દિવસે કસાઇખાનું, તમામ ભઠ્ઠીઓ, તમામ કારખાનાંઓ, લુહારની દુકાનો બંધ રખાવી અહિંસા પળાવી મહાન પુણ્યોપાર્જન કર્યું હતું.

---

## શ્રી જગદ્ગુરુદેવની જયંતી.

આચાર્યવર્યશ્રી શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના અધ્યક્ષતામાં પટ્ટીના શ્રી આત્માનંદ જૈન ભવનમાં શ્રી જગદ્ગુરુદેવ શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજની જયંતી ઊજવવામાં આવી. શ્રી સંઘે જગદ્ગુરુદેવની પ્રતિકૃતિની વાસક્ષેપથી પૂજા કરી. મુનિ શ્રી વીરવિજયજી, પંડિત સરસ્વતીનાથજી, વૃજલાલજી અને હરિચંદ્ર કાનુગાએ શ્રી જગદ્ગુરુદેવના વિષયમાં વિવેચનો કર્યાં. શ્રી હરિચંદ્ર કાનુગાએ વિવેચન કરતાં પ્રથમ જણાવ્યું કે મેં ઘણા ધર્મોના પુસ્તકો વાંચ્યા છે, ઘણી ધર્મસભાઓમાં જઇ ધર્મગુરુઓના વ્યાખ્યાન સાંભળ્યા છે, પણ મને જે આનંદ આચાર્યશ્રીજીના વ્યાખ્યાનોમાં આવે છે તેવો આનંદ બીજે કયાંય નથી આવતો. આચાર્યશ્રીજીના વ્યાખ્યાનો એકલા જૈનોને માટે જ નથી, પરંતુ આખી હિન્દુ સમાજ અને મુસલમાનોને હિત કરનારા કલ્યાણકારી પણ છે, આચાર્યશ્રીજીના વ્યાખ્યાનો નિષ્પક્ષપાતપણાથી ભરેલાં અજોડ છે. આચાર્યશ્રીજીના આ ચાતુર્માસની યાદગાર માટે એક એવી સભા સ્થાપન થવી જોઇએ કે જેથી સર્વેનું હિત થાય, ઉન્નતિ થાય અને આચાર્યશ્રીજીનું નામ રોશન રહે–પ્રકાશમાન રહે. મેં બડે મહારાજજી આત્મારામજી મહારાજજીના દર્શન કર્યાં છે. તેઓના વ્યાખ્યાનો સાંભળ્યાં છે. આચાર્યશ્રીજી તેઓ બડે મહારાજજીનાં સાક્ષાત્ અવતાર જ છે ઇત્યાદિ. બાબુ મુનીલાલે સ્વરચિત ઉર્દૂમાં શ્રી જગદ્ગુરુદેવની સ્તુતિ છંદથી ગાઇ સંભળાવી હતી.

અંતમાં અધ્યક્ષ સ્થાનેથી આચાર્યશ્રીજીએ શ્રી જગદ્ગુરુદેવના જીવનવિષયમાં સુંદર પ્રકાશ ફેંકી ઉપસંહાર કર્યો હતો. બાદ લાલા પંજૂશાહજી નંદલાલજીના તરફથી પ્રભાવના કરવામાં આવી હતી.

---

## અમદાવાદમાં મહાપર્વ.

શ્રી ઉજમબાઇની ધર્મશાળામાં આચાર્ય શ્રી વિજયકુસુમસૂરિજી મહારાજની અધ્યક્ષતામાં શ્રી પર્યુષણ મહાપર્વનું આરાધન સુંદર રીતે થયું હતું. તપશ્ચર્યાઓ સારા પ્રમાણમાં થઇ હતી. વ્યાખ્યાનમાં પણ સેંકડો સ્ત્રીપુરુષોની હાજરી રહેતી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર–સમાલોચના

**નેચર કયૉર–કુદરતી ઉપચાર**—લેખક: ગોપાળજીભાઇ ભગવાનદાસ મહેતા એન્જિનીયર. પ્રકાશકઃ–વિનયચંદ ગુલાબચંદ શાહ બી. એ.

અત્યારના જમાનામાં હજારો દવાઓ અને સાધનોનો ડૉકટરો–વૈદ્યો ઘણી ખર્ચાળ પદ્ધતિઓ ઉપયોગ કરવા છતાં રોગોમાં વધારો થતો જ રહ્યો છે અને લોકોનું આરોગ્ય વધારેને વધારે બગડતું આવ્યું છે તે સામાન્ય અનુભવની વાત છે. તે સ્થિતિમાં જો કોઇ યોગ્ય માર્ગદર્શન કરે અને સાદી તથા ઘણી ઓછી ખર્ચાળ ઉપચાર પદ્ધતિ બતાવે તો તેનો મોટો ઉપકાર માનશે. તેવાઓને માટે ઉપરનું પુસ્તક ઘણું ઉપયોગી થઇ પડશે. લેખક અને પ્રકાશક બંનેએ નેચર કયૉર પદ્ધતિથી પોતાનું આરોગ્ય પાછું મેળવ્યું છે તેમ લખે છે તે જોતાં સ્વાનુભવ કર્યા પછી પુસ્તકનું પ્રકાશન અને તેમાં બતાવેલા ઉપચારો વધારે વિશ્વાસનીય ગણાવા જોઇએ. જો કે કેટલાક ગંભીર અને જંતુજન્ય ચેપી ગણાતા દર્દોમાં કુદરતી ઉપચારના આધારે રહેવું સલામત નથી તો પણ પુસ્તક અત્યારના મનુષ્ય-જીવનમાં રોગોના જે મૂળ કારણો રહેલા છે તે અને તેના ઉપાયો સારી રીતે ચર્ચ્યે છે. અત્યારના મનુષ્યનો ખોરાક, હવા, પાણી અને પ્રવૃત્તિમાં જો કુદરતના ધોરણે સુધારો થાય તો અત્યારના ઘણા રોગોનો કોયડો આપોઆપ ઉકલી જાય અને તે સ્થિતિમાં કુદરતી ઉપચાર પદ્ધતિ વધારે બંધબેસતી થાય. એકંદર પુસ્તક ઘણું ઉપયોગી અને દરેકને કાંઇને કાંઇ માર્ગદર્શનરૂપ થઇ પડે તેવું છે. પુસ્તકની કિં. રૂા. બે છે અને તે શ્રી મહોદય ગ્રંથમાળા, ઠે. શ્રી મહોદય પ્રિં. પ્રેસ. દાણાપીઠ–ભાવનગર. સ્થળેથી મળે છે.

---

**શ્રી મુનિસુવ્રતસ્વામી ચરિત્ર** તથા **સિદ્ધિદાયક મંત્ર અને સ્તોત્ર સંગ્રહ.** લેખકઃ મંગળદાસ. ત્રિ. ઝવેરી. પ્રકાશક: પ્રાચીન સાહિત્ય સંશોધક કાર્યાલય. મુ. થાણા. કિં. રૂા. ૫–૦–૦

લેખક મહાશયે ઉપરોક્ત બે જુદા ગ્રંથોને એક પુસ્તકરૂપે પ્રગટ કરેલ છે. પુસ્તકમાંના પ્રથમ ભાગમાં કુલ ૧૧૭ પાનામાં તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામીનું ચરિત્ર તથા નાસ્તિક નમુચી, ચક્રવર્તી મહાપદ્મ અને મહાપ્રભાવક મુનિ શ્રી વિષ્ણુકુમાર વિષે વૃત્તાંત આપેલ છે. અત્યાર સુધી પ્રગટ થએલ ચરિત્ર કરતાં વધારે સંપૂર્ણ હકીકત દર્શાવનારો ગ્રંથ બહાર પાડવાનો લેખકનો ઉદ્દેશ ગ્રંથ વાંચતા ભાગ્યે જ સિદ્ધ થયેલો ગણાશે. ઉત્સાહી લેખકબંધુ પાસેથી ચરિત્રો માટે પ્રાચીન સાહિત્યની વિશેષ તપાસ અને સંશોધન, ઊંડા અભ્યાસ, મૌલિકતા અને સંગીનતાની આશા રાખી શકાય. ગ્રંથ સામાન્ય કોટિનો હોવા છતાં તેમાં આપવામાં આવેલ ખાસ જોવા લાયક થાણા દેરાસરમાંના કલામય કોતરકામ અને ચિત્રકામના ફોટાઓથી ગ્રંથને સુશોભિત કરેલ છે. પુસ્તકમાંનો બીજો ભાગ સિદ્ધિદાયક મંત્ર અને સ્તોત્ર સંગ્રહનો બનેલો છે. મંત્રસંગ્રહ વિપુલ જણાય છે. તેમજ લેખકે મંત્રો માટે ઘંટાકર્ણ, માણિભદ્ર વગેરે આરાધ્ય દેવો તથા નવ ગ્રહો વિગેરેના ફોટા–ચિત્રો આપેલ છે. મંત્રવિદ્યા એક ઘણી ચમત્કારિક ગુપ્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિદ્યા છે તેથી તે વાંચવા જાણવાને લોકો સહેલાઇથી આકર્ષાય તેમ છે. પણ દરેકે જાણવું જોઇએ કે તે વિદ્યા ફક્ત ગુરુગમ્ય અથવા સિદ્ધ યોગી પુરુષોને જ સાધ્ય થઇ શકે તેમ છે. સામાન્ય માણસો તે પાછળ ફાંફાં મારવાથી પુરુષાર્થને ખોઇ બેસે છે. સ્તોત્ર સંગ્રહમાં નવસ્મરણ, ગ્રહશાંતિ, શ્રી પાર્શ્વનાથ જિનપંજર, ગૌતમસ્વામી વગેરેના સ્તોત્રો વિવેચન સાથે આપેલ છે. પુસ્તકમાં બંને ગ્રંથોના મળી કુલ્લે લગભગ ૨૦૦ પાના અને ૩૦ ફોટાઓ છે તે જોતાં મોંઘવારી છતાં રૂા. પાંચની કિંમત વધુ પડતી ગણાશે. પુસ્તકની છપાઇ, બાંધકામ સુંદર છે. પુસ્તક ઉપરની પ્રકાશક સંસ્થામાંથી મળે છે.

---

**મારી કચ્છયાત્રા**—લેખક: મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી, પ્રકાશકઃ—શ્રી વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા, છોટા સરાફા, ઉજ્જૈન. ( માળવા ) કિં. રૂા. ૦–૮–૦.

' મારી કચ્છયાત્રા ' પુસ્તકના લેખક મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી એક વિદ્વાન સિદ્ધવક્તા તેમજ લેખક છે, જેમણે સિંધ પ્રદેશનો વિહાર કરીને જેમ " મારી સિંધયાત્રા " નામનું પુસ્તક લખ્યું હતું તેમ સિંધ પછી મોટે ભાગે જૈન સાધુ મુનિ મહારાજ તરફથી નહિ વિહાર કરાતા કચ્છપ્રદેશમાં વિહાર કરીને કચ્છના જૈન તથા જૈનેતર લોકો ઉપર ઉપકાર કરવા સાથે કચ્છ બહારની જનતાને પોતાના પ્રવાસ તથા અનુભવ જ્ઞાનનો કિંમતી લાભ આપવા માટે આ પુસ્તક પ્રકાશન કરવામાં આવેલ છે. પોતાના સદ્ગુરુ સ્વર્ગસ્થ આચાર્ય શ્રી વિજયધર્મસૂરિના પગલે ચાલી અણખેડાયેલ પ્રદેશોમાં કષ્ટમય વિહાર કરીને મુનિરાજશ્રીએ કચ્છ પ્રદેશ, ત્યાંના જૈનો, ભદ્રેસર વગેરે પ્રાચીન તીર્થો અને બીજા ઘણાં જાણવા લાયક સ્થળો તથા બાબતોના ઉપયોગી ફોટાઓ સાથે પુસ્તકમાં સમાવેશ કર્યો છે. પુસ્તક ઘણું બોધપ્રદ હોવા સાથે રસિક પ્રવાસવર્ણન આપે છે. ત્રણસો ઉપરાંત પાનાના પુસ્તકની કિંમત ફક્ત આઠ આના રાખી છે.


---

**" પાવાગઢથી વડોદરામાં પ્રકટ થયેલા જીરાવલા પાર્શ્વનાથ. "** લેખક: પં. લાલચંદ્ર ભગવાન ગાંધી. પ્રકાશક: અભયચંદ્ર ભગવાન ગાંધી. કીં. રૂા. ૧–૦–૦.

૧૦૮ વર્ષ પહેલાં બનેલી ઘટના વિષે પ્રત્યક્ષ જાણકાર સુપ્રસિદ્ધ જૈન કવિ પં. દીપવિજયજીએ લખેલી કવિતાની હ. લિ. પ્રતિના આધારે સંશોધનપૂર્વક વિદ્વાન પંડિત લાલચંદ્રે ઉપરનું પુસ્તક લખેલ છે. તેમાં પુસ્તકના નામ પ્રમાણે વિ. સં. ૧૧૧૨ માં પાવાગઢમાં પ્રતિષ્ઠિત થયેલા જીરાવલા પાર્શ્વનાથની પ્રતિમાના વિ. સં. ૧૮૮૯ માં વડોદરામાં થયેલ પ્રાદુર્ભાવ વિષે હકીકત–વર્ણન છે. તે સાથે વિદ્વાન લેખકે જીરાવલા પાર્શ્વનાથના મહિમા, મંદિર, યાત્રા–સંઘો વગેરે સંબંધી મળી શકતી ઐતિહાસિક સામગ્રી ઉપર પ્રકાશ પાડ્યો છે; તેમજ પાવાગઢ–ચાંપાનેર સાથે સંકળાયેલ શ્વે. જૈનોના ઇતિહાસ તથા મંદિરો, અને હાલમાં તેનો દી. જૈનોએ લીધેલા કબ્જા વિષે પણ શ્વે. જૈન સમાજનું ધ્યાન ખેંચ્યું છે. ઐતિહાસિક સંશોધન માટેની વિદ્વાન પંડિતજીની યોગ્યતા અને પ્રયાસ પ્રશંસનીય છે. પુસ્તક લેખક અને પ્રકાશક પાસેથી રાવપુરા રોડ, ગંભીરા બીલ્ડીંગ, વડોદરા અથવા હેરીસ રોડ, ભાવનગરના સ્થળેથી મળે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


૭૦. ટૉનિક એનીમા.
૭૧. ટૉનિક હૉટ બાથ.
૭૨. ટ્રંક બાથ. ૭૩. ટ્રીટમેન્ટના નિયમો.
૭૪. ટ્રીટમેન્ટના પ્રોગ્રામનું લીસ્ટ.
૭૫. ડીસ્ટ્રક્ટીવ ( ડીસીઝ ).
૭૬. તન્દુરસ્તી અને દર્દ.
૭૭. તન્દુરસ્તીની મંદતા.
૭૮. તન્દુરસ્તી અને મર્દાઈ.
૭૯. તન્દુરસ્તીના પાંચ ખોરાક.
૮૦. તાવ. ૮૧. તેજ ( પ્રકાશ ).
૮૨. તેલ. ૮૩. થ્રોટ કલીનીંગ.
૮૪. દમ, હાંફણ, શ્વાસ.
૮૫. દર્દ અને અપવાસ.
૮૬. દર્દ ઉત્પન્ન કરનાર.
૮૭. દર્દ ઉત્પન્ન કરવાનું કારણ.
૮૮. દર્દ એ કુદરતી ઑપરેશન.
૮૯. દર્દના ત્રણ સ્ટેજ.
૯૦. દર્દ મટાડવાના ઉપાય.
૯૧. દર્દીની સારવાર, દર્દ દૈવાધીન.
૯૨. દવાની શક્તિ.
૯૩. દવા માટેના મત ( નેચર કયૉરના ).
૯૪. દીવાનાપણું કે નર્વસનેસ.
૯૫. દીવાનાપણું, વાઇ, હીસ્ટીરીયા.
૯૬. દુઃખાવો ( આંખ-કાન-માથાનો ).
૯૭. દૂધ. ૯૮. ધનલાભ.
૯૯. ધનલોભનો જમાનો.
૧૦૦. નપુંસકતાનાં કારણો અને તેના ઉપાય.
૧૦૧. નબળા અને બાળક દર્દીઓ માટે પ્રયોગનું પ્રોગ્રામ.
૧૦૨. નર્વસનેસ કે દીવાનાપણું.
૧૦૩. નામર્દાઇ.
૧૦૪. નામર્દાઇ નોતરનારાં પરચુરણ કારણો.
૧૦૫. નામધારી દર્દી. ૧૦૬. નાસ્તિકતા.
૧૦૭. નિદ્રા અને આરામ.
૧૦૮. નેચર કયૉર.
૧૦૯. નેચર કયૉરના સામાન્ય નિયમો.
૧૧૦. નો બ્રેક-ફાસ્ટ પ્લાન.
૧૧૧. પંચ મહાભૂત. ૧૧૨. પાણી.
૧૧૩. પીસમીલ-કોલ્ડ બાથ.
૧૧૪. પુરુષાતન અને લગ્ન.
૧૧૫. પુરુષાતન હણનાર આદતો અને કારણો.
૧૧૬. પુરુષનું વીર્ય અને સ્ત્રીનું રજ.
૧૧૭. પેટમાં દુઃખાવો.
૧૧૮. પ્રકાશ અને હવા.
૧૧૯. પ્રદર અને સ્વપ્નધાત.
૧૨૦. પ્રમેહ અને ચાંદીના ઉપાય.
૧૨૧. પ્રમેહ અને ચાંદી સામે રક્ષણ.
૧૨૨. પ્રમેહ અને તેના પ્રકાર.
૧૨૩. પ્રમેહ કે ચાંદી ગુહ્યેન્દ્રિય પર જ થવાનાં [ કારણો.
૧૨૪. પ્રમેહ થવાનાં કારણો.
૧૨૫. પ્રમેહનાં ઉપાયો.
૧૨૬. પ્રમેહનાં ચિહ્નો અને સૂચના.
૧૨૭. પ્રિવેન્ટીવ-( નેચર કયૉર ).
૧૨૮. પૃથ્વી. ૧૨૯. ફળ. ૧૩૦. ફળાહાર.
૧૩૧. ફળ, ફૂલ, પાન ( અનાજ વિગેરે ).
૧૩૨. ફુલ સ્ટીમ બાથ.
૧૩૩. ફોતરાં થુલું અને ભુંસા માટે સૂચના.
૧૩૪. ફોરીન મેટર. ૧૩૫. બચાવના સાધનો.
૧૩૬. બાથ ફોર ચીલ્ડ્રન.
૧૩૭. બાળક દર્દી માટે ટ્રીટમેન્ટનું પ્રોગ્રામ.
૧૩૮. બિનજરૂરી ખોરાક.
૧૩૯. ભૂખ. ૧૪૦. મંદવાડ.
૧૪૧. મન અને સ્વભાવ. ૧૪૨. મરડો.
૧૪૩. મર્દાઇ અને આત્મજ્ઞાન.
૧૪૪. મર્દાઈ અને ખોરાક.
૧૪૫. મર્દાઇ અને તન્દુરસ્તી.
૧૪૬. મર્દાઇ અને માનસિક નબળાઇ.
૧૪૭. મર્દાઈ માટેના સામાન્ય નિયમો અને સૂચના.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૪૮. મર્દાઇ મેળવવાની રીત.
૧૪૯. મશાલો. ૧૫૦. માઇલ્ડ સન બાથ.
૧૫૧. માઇલ્ડ હીપ બાથ.
૧૫૨. માટીના પ્રયોગો.
૧૫૩. માતા પિતાની ફરજ.
૧૫૪. માથાનો દુઃખાવો. ૧૫૫. માસ્ટરબેશન.
૧૫૬. માંસ આદિ ખોરાક.
૧૫૭. મિલન ( જાતિય મિલન).
૧૫૮. મિલન( જાતિય મિલન )ની અફળતા.
૧૫૯. મિલન( જાતિય મિલન )ની સફળતા.
૧૬૦. મેથડસ.
૧૬૧. મેથડસના પ્રયોગો વાપરવાના નિયમો.
૧૬૨. મેથડસના સાધનો. ૧૬૩. મેવો.
૧૬૪. મુખ્ય નિયમો (નેચર કયૅારના) કાવ્ય રૂપે.
૧૬૫. રાંધણક્રિયા. ૧૬૬. રીએકશન પાવર.
૧૬૭. રોટલી. ૧૬૮. યુનીટી ઑફ ડીસીઝ.
૧૬૯. યુરેથ્રીટીસ. ૧૭૦. યોનિ.
૧૭૧. લગ્ન માટે લાયક પુરુષાતન.
૧૭૨. લોકલ સ્ટીમ બાથ.
૧૭૩. લોહી અને વીર્ય. ૧૭૪. લોહીનાં તત્ત્વો.
૧૭૫. વનસ્પતિ અને ફ્રુટ.
૧૭૬. વાઇટલ ઓર્ગન્સ.
૧૭૭. વાઇટેલાઇઝીંગ સન બાથ.
૧૭૮. વાઇ, હીસ્ટીરીયા, દીવાનાપણું.
૧૭૯. વાયુ. ૧૮૦. વાયે રહી જવું.
૧૮૧. વિષ્ફોટક.
૧૮૨. વિષયવાસના ( સ્ત્રીઓની ).
૧૮૩. વીર્ય અને લોહી.
૧૮૪. વીર્ય એ જીવન છે.
૧૮૫. વીર્યસ્ખલન. ૧૮૬. વીંછીનો ડંખ.
૧૮૭. વૅકસીનેશન. ૧૮૮. વૉકીંગ સન બાથ.
૧૮૯. વૉર્મીંગ મેથડસ.
૧૯૦. વ્યોમ પાવર. ૧૯૧. શક્તિ.
૧૯૨. શાક. ૧૯૩. શારીરિક ઝેર.
૧૯૪. શારીરિક તન્દુરસ્તી.
૧૯૫. શારીરિક સાયન્સ માટે ખાસ સૂચના.
૧૯૬. શીતળા.
૧૯૭. શીતળાના દર્દીની સારવાર.
૧૯૮. સફળ મિલન ( જાતિય મિલન ).
૧૯૯. સંતતિ નહિ થવા માટે પુરુષની જવાબદારી વધારે હોવાનાં અગમ્ય કારણો અને તેના
૨૦૦. સંસારસાથી કઇ રીતે શોધવો ? [ ઉપાય.
૨૦૧. સાચી અને સામાન્ય નામર્દાઇ.
૨૦૨. સામાન્ય નિયમો ( નેચર કયૅારના ).
૨૦૩. સામાન્ય નિયમો અને ખાસ સૂચના ( મર્દાઇ માટે ).
૨૦૪. સામાન્ય સશક્ત દર્દી માટે ટ્રીટમેન્ટનું પ્રોગ્રામ.
૨૦૫. સારવાર દર્દીની દર્દ દૈવાધીન.
૨૦૬. સીઝ બાથ. ૨૦૭. સીવીલીઝેશન.
૨૦૮. સુકો મેવો. ૨૦૯. સેનીટોરીયમ.
૨૧૦. સેલ્ફ. ૨૧૧. સોજા ( હાથપગમાં ).
૨૧૨. સૃષ્ટિક્રમવિરુદ્ધ સંભોગ.
૨૧૩. સ્ટીમ્યુલેટીંગ વેટ પેક.
૨૧૪. સ્ટીમ્યુલેટીંગ વેટ બેન્ડેજ.
૨૧૫. સ્ટેજ (દરદના). ૨૧૬. સ્ત્રીની પસંદગી.
૨૧૭. સ્ત્રીઓની વિષયવાસના.
૨૧૮. સ્ત્રાત્વના ગુણો.
૨૧૯. સ્ત્રીનું રજ અને પુરુષનું વીર્ય.
૨૨૦. સ્પાઇનલ બાથ.
૨૨૧. સ્વપ્નધાત અને પ્રદર.
૨૨૨. સ્વભાવ અને મન. ૨૨૩. સ્વાદ.
૨૨૪. સ્વાસ, દમ, હાંફણ. ૨૨૫. હવા, પ્રકાશ.
૨૨૬. હાથ પગમાં ચાંદાં તથા સોજા.
૨૨૭. હાંફણ, દમ, સ્વાસ.
૨૨૮. હીસ્ટીરીયા, વાઈ, દીવાનાપણું.
૨૨૯. હૅાટ એનીમા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હું અને મારી બા

## તમારે શા માટે વાંચવું જોઇએ?

બાળકોને મારવા-પીટવાની અને એ રીતે એમને ભણાવવાની અથવા સુધારવાની વાત કોઇને ગળે ઉતરે એવી નથી. એ જમાનો પુરો થયો છે. બાળકો, નિર્મળ પ્રેમ, વાત્સલ્યના ભૂખ્યાં હોય છે. સૂર્ય ને ચંદ્રનાં કિરણ જે પ્રમાણે વનસ્પતિને રૂપ, રસ, ગંધ આપે છે તેમ માતાપિતાનો સ્નેહ બાળકોના દિલમાં ઉત્સાહ, સ્ફુર્તિ, સદ્ભાવ જગાડે છે. વધારે પડતા લાડ અને મમતાથી બાળકોનો વિકાસ રૂંધાઈ ન જાય તે પણ માબાપોને જ જોવું પડે છે. માતાપિતાએ જ આ પુસ્તક વાંચવું જોઇએ એમ નહિ—દરેકે દરેક સ્ત્રી પુરૂષે આનો અભ્યાસ કરવો જોઇએ. સંતતીને કેળવવી અથવા ઘડવી એ સામાન્ય વાત નથી. પ્રયોગો તો પાર વિનાના થયા છે અને થાય છે. પરંતુ "હું અને મારી બા"માં માતા જે સ્નેહથી, મમતાથી ઔદાર્યથી પોતાના બાળકને ઘડે છે તે જો સમજાય અને ઘેરે ઘેર તેનો પ્રચાર થાય તો સંસ્કાર-વિકાસ માટે ફુલ નહીં તો ફુલની પાંખડી જેવો પણ પ્રયત્ન કર્યો ગણાશે. ધંધાની કે કમાવાની દ્રષ્ટિ આમાં નથી રાખી. સારૂં સાહિત્ય, ગુજરાતી વાચકોના હાથમાં જાય અને ઘરગતુ બને એ જોવાની આકાંક્ષા છે. આપની શાળાઓમાં ખાસ વાંચન અથવા અભ્યાસના ગ્રંથ તરિકે તેની પસંદગી કરવામાં આવે તો પુસ્તકનો પ્રચાર થાય અને જે હેતુથી આવું સાહિત્ય પ્રકટ કરવાની પ્રવૃત્તિ હાથ ધરી છે તે સાર્થક થાય.

## આવેલ અભિપ્રાયોમાંથી કેટલાંક:—

### જન્મભૂમિ—

સાવ નાનકડું પુસ્તક! આરંભ થાય છે બાલજીવનના સામાન્ય સંસ્મરણોથી, પણ જેમ જેમ એ સંસ્મરણોની માળા ગુંથાતી જાય છે તેમ તેમ એમાંથી ચારિત્ર્યની સુગંધ અને સત્યનું સૌંદર્ય પ્રસરવા માંડે છે; નવલકથા નથી, વાર્તા નથી છતાંયે એમાં ચિત્તને હલાવી જાય એવા પ્રબળ સંસ્કારો પાડનારા કલાચિત્રોનો તોટો નથી. ચિંતનનો આ ગ્રંથ નથી, છતાં બુદ્ધિને પણ હૃદયની ભાષા વાંચવી જ પડે એટલી પ્રબળ વિચારધારા પ્રસંગચિત્રોમાંથી ઝરે છે. વાર્તા હોત તો પાત્રાલેખન ઉપર ધન્યવાદ ઉચ્ચારી દેત; શ્યામની બા ને બાપુજી શ્યામનો નાનો ભાઈ કેટલા જીવંત આંખ સામેજ જાણે બધું બની રહ્યું છે. ભારતવર્ષના કટલા કેટલા કુટુંબોની કથા, લાગે છે! પ્રેમ-ત્યાગ-ચારીત્ર્ય સત્યનીષ્ટાની કથા આ નાનકડા પુસ્તકમાં સંઘરાયેલી છે? આવા પુનિત સ્મરણો પામનાર ને ઉચ્ચારનાર ધન્ય છે. અમારાં એ સૌને હજારો વંદન છે. વય અને અનુભવથી પકવ થયેલો માનવ પોતાનાં ચારિત્ર્યનું ઉંડુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવલોકન કરે છે અને એનાં મૂળ શોધવા માટે જીવનના ઉંબર તરફ દૃષ્ટિ માંડે છે. આજે મહાન દેખાતી સ્વભાવની સિદ્ધિઓના બીજ કયાં છે તેની શોધ થાય છે અને અત્યંત ગરીબીમાં કેવળ આત્માનું અમૃત પાઇનેજ ઉછેરનારી માતાની મૂર્તિ નજર સામે આવે છે. સદાયે પ્રેમની છાયા પાથરતા પિતાની પ્રતિમા ખડી થાય છે અને ઢગલાબંધ સંસ્મરણોની સાંકળ જોડાઇ જાય છે. એ સંસ્મરણુ આમાં મુકયાં છે. લેખક, પ્રકાશક, પ્રસ્તાવના લેખક સૌ કહે છે કે આ સ્ત્રીસમાજને ઉપયોગી પુસ્તક છે. અમે એમાં અમારી સંમતિ આપીએ છીએ, પરંતુ સાથે ઉમેરીએ છીએ કે આ પુસ્તક માતાઓ માટેજ નથી. તેઓ આ નહિ વાંચે તો એમનાં પ્રેમ ઝરણ સુકાઇ જશે નહી. વાંચશે તો જ્ઞાન અવશ્ય પામશે, પરંતુ જે પુત્રો હોય, પુત્રીઓ હોય તે તો આ અવશ્ય વાંચશે. કોણુ પુત્ર કે પુત્રી નથી? પોતાનાં માતાપીતાના અનેક પ્રેમઝરણાં તેઓ જો નવા યુગના આંખ આંજી નાખતા પ્રકાશમાં, જીવનના તોફાનમાં કે મૂસીબતોમાં, સ્વાર્થમાં કે મોહમાં નહિ જોઇ શકયા હોય તો આ પુસ્તકની દિવ્ય દૃષ્ટિદ્વારા જોઈ શકશે. આવુ બહુમૂલ્ય પુસ્તક ગુજરાતને આપવા માટે લેખક–પ્રકાશકને અમે અભિનંદન પાઠવીએ છીએ.

## નવરચના—

આ આખું પુસ્તક નિર્મળ માતૃપ્રેમનાં કાવ્ય જેવું છે. એમાં જે અનુભવો મુકાયા છે તે હૃદયસ્પર્શી છે. એમાં માતા પ્રત્યેની ભક્તિ છે, કુટુંબ પ્રત્યેની મમતા છે, સમાજ પ્રત્યેનો ઋણાનુભાવ છે અને દેશ પ્રત્યેની ફરજનો ખ્યાલ છે. અને આ બધામાં કયાંય અથડામણ નથી. એક સૂત્રની માફક જીવનમાં આ બધા ગુણો વણાયેલા દેખાય છે. માતા તરફથી, પિતા તરફથી જે સંસ્કારો, જે જ્ઞાન, જે ચારિત્ર્ય વારસામાં મળ્યા તેનું આમાં હૈયાને હલાવી મૂકે તેવું આલેખન છે. સ્મરણોની હારમાળા આગળ ચાલે છે અને આપણને સમાજજીવનના વિવિધ દૃશ્યો નજર આગળ દેખાય છે. ગરીબાઈમાં ઊછરીને ઊભા થતા બાળકમાં મા પોતાના ચારિત્ર્યની નિષ્ઠાથી જે સંસ્કારનો વારસો આપતી જાય તે અદ્ભુત છે. એમાં કયાંય સંસ્કારની, ચારિત્ર્યની ગરીબાઇ દેખાતી નથી. દરેક જણે આ પુસ્તક વાંચવું જોઇએ એમ કહીશ તો તમને લાગશે કે હું અતિરેક કરી રહ્યો છું. પણ આમાં જે માનવતા છે, જે નિર્મળ પ્રેમની સરવણી વહ્યા કરે છે તે અદ્ભુત છે. આમાં માતાના વાત્સલ્ય અને આત્મભોગમાંથી શાંત, મર્મસ્પર્શી ભાવ નીતર્યો છે. આમાં સત્યનું સાંદર્ય છે.

## ફુલછાબ—

આ પુસ્તકમાંનો એક એક પ્રસંગ એટલે માતાના વાત્સલ્યની ઔદાર્યનો અને સંસ્કારનો એક એક જ્વલંત જીવન–પ્રસંગ. પુત્ર પ્રત્યેના નર્યા વાત્સલ્ય–પ્રેમમાં જ માતાના એ ગુણોની મર્યાદા આવી જતી નથી. એ માતા પાસે તો અવ્યક્ત એવું એક પુત્ર--ઘડતરનું સંસ્કારધન પડેલું હતું. એ સંસ્કાર ધનમાં જેમ ફૂલની મૃદુતા છે તેમ વજ્રની કઠોરતા પણ રહેલી છે. 'મારો પુત્ર કાયર થઇને ખૂણે ભરાઇ બેસે' એ માતાને મન મોટામાંમોટી નામોશી હતી. પ્રસંગો પણ કયાંય બહારથી ઉઠાવેલા કે ચમત્કૃતિ આણવા ગોઠવી રાખેલા નહિ પણ રોજના ગૃહજીવનમાં બનતા સાદા સીધા અને સર્વસામાન્ય છે. એવા સામાન્ય પ્રસંગો, અને આર્થિક દુરવસ્થાને કારણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઊભી થતી મુશ્કેલીઓમાંથી ગૃહના વ્યવહારને સરળ બનાવતી, પુત્રોને નીતિનું ઘડતર આપતી માતા આજના ભાંગતા જતા ગૃહજીવનને તો ઉજ્જવળ માર્ગદર્શક સમી છે.

## મુંબઈ સમાચાર—

બાળકોમાં સંસ્કાર રેડવા અને સારી ગૃહકેળવણી આપવા ઇચ્છતા માબાપો તેમજ માબાપ થવાના હોય તે યુવકો અને યુવતિઓએ વાંચવા જેવું છે. બાળકમાં નાનપણથીજ સારા સંસ્કાર પડ્યા હોય તો તેનું પરિણામ રૂડું આવે છે. આ પુસ્તકમાં એ સંસ્કાર કેવી રીતે પડે તે માતા અને પુત્ર વચ્ચે થતી વાર્તા રૂપે સમજાવવામાં આવ્યું છે. માબાપોએ બાળકોને નાનપણથી કેવી તાલીમ આપવી જોઈએ અને ગરીબ અને ખાલી ઘર કેમ ચાલી શકે તે આ પુસ્તક વાંચનારને જરૂર સમજાશે.

## શ્રી જૈન ધર્મ પ્રકાશ—

આપણા નિત્ય-જીવનના પ્રસંગોને આ લઘુ પુસ્તિકામાં સુંદર ઓપ આપી ગુંથવામાં આવ્યા છે. બાળકોને આ પુસ્તકના વાંચનથી નીતિનો બોધપાઠ તેમજ સારા સંસ્કાર મળે તેમ છે. નવલિકાના રૂપમાં રા. સુશીલની કલમથી લખાયેલ હોઈ પુસ્તક વાંચવા લીધા પછી પડતું મૂકવાનું મન થતું નથી. ખાસ કરીને પાઠશાળામાં બાળકો તથા બાળાઓને ઈનામ તરીકે આ પુસ્તકો વહેંચવા પ્રબંધ થાય એ ઇચ્છવાયોગ્ય છે.

## શ્રી આત્માનંદ પ્રકાશ—

આ પુસ્તક જેમ સહજ, સુલભ અને સ્વાભાવિક ઉપયોગી છે તેમ તેમાં માતૃસ્નેહની ઝાંખી પણ છે. નવલકથા તરીકે પણ તેમાં સુંદર સંકલના છે. પ્રકાશકે પોતાના નિવેદનમાં સંસ્કારની જે ઉપયોગીતા બતાવી છે તે પણ આ પુસ્તકના વાંચનથી જાણી શકાય તેવું છે. પ્રકાશક પોતે પણ શિક્ષણ પામેલ હોવાથી તેમણે લખેલું નિવેદન વાંચવા જેવું જણાયું છે. આ સર્વેને વાંચવા ભલામણ કરીએ છીએ. કિંમત બાર આના યોગ્ય છે.

## જૈન—

માતા એટલે એક સંસ્કાર. પુત્ર-ઘડતરનું સંસ્કારધન, કોઇ પણ ગરીબ કે શ્રીમંત માતાને સાંપડી શકે છે. પોતાની ગરીબ 'બા' શ્યામના જીવનને આત્મ-ધનથી કેવું ગૌરવવંતું બનાવે છે, તેની સુંદર ગુંથણી આ પુસ્તકના એક એક પ્રકરણમાં કરવામાં આવી છે જીવનના સામાન્ય પ્રસંગો અને નિત્ય વ્યવહાર તરફ સંસ્કારની દૃષ્ટિએ માતા કાળજીભરી ઉછેરથી પોતાના પુત્રોનું જીવન કેટલું ઉચ્ચ બનાવી શકે છે તેના સાદા અને સહજસાધ્ય પ્રસંગો આમાં સુંદર રીતે રજૂ કરવામાં આવ્યા છે. કુટુંબને નંદનવન સમું બનાવવાની પ્રેરણા પાતું આવું અનોખું સાહિત્ય બહુ જ અલ્પ પ્રમાણમાં મળે છે. લેખકને અને પ્રકાશકને આવી સુંદર વાની પીરસવા બદલ ધન્યવાદ આપતા ઈચ્છીએ છીએ કે સંસ્કાર પ્રેમી દરેક કુટુંબ આની એક પ્રત અવશ્ય વસાવે.

લેખક : **રા. સુશીલ.** **શ્રી મહોદય ગ્રંથમાળા, દાણાપીઠ-ભાવનગર.**
પ્રકાશક : **વિનયચંદ ગુલાબચંદ શાહ** બી. એ. **મૂલ્ય બાર આના** ( પોસ્ટ અલગ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સ્વ. શેઠ નરોત્તમદાસ ભાણજીના ધર્મપત્ની બહેન સૂરજબહેનનો સ્વર્ગવાસ.

પાલીતાણાખાતે માસખમણની મહાન તપશ્ચર્યા કરતાં બહેન સૂરજબહેન ભગવાન મહાવીરના જન્મવાચન ( ભા. શુ. ૧ ) ની પ્રભાતે સમાધિપૂર્વક પંચત્વ પામ્યા છે.

શ્રીયુત નરોત્તમદાસભાઈ પોતાની ધાર્મિક શ્રદ્ધા અને ઉદારતા માટે સુપ્રસિદ્ધ હતા. તેમને પગલે ચાલીને સૂરજબહેન પણ તેવા કોઈ પણ ધાર્મિક કાર્યમાં તન, મન અને ધનની સહાય આપતા હતા અને છેવટની ઘડી સુધી શ્રીમતી સૂરજબહેને સાધ્વીજીવન વ્યતીત કર્યું હતું.

પાલીતાણામાં સ્થપાયેલ શ્રાવિકાશ્રમની શરુઆતમાં તેઓએ તેની પ્રગતિ માટે ખાસ ભોગ આપ્યો હતો. તેઓની દેવગુરુધર્મ પરત્વેની શ્રદ્ધા પ્રશંસનીય હોવાથી સ્ત્રીવર્ગમાં તેમનું સ્થાન ઉચ્ચ હતું. ઉપધાનવહન, અઠ્ઠાઈ વગેરે અનેક તપસ્યાઓ વિધિપૂર્વક પોતાના જીવનમાં છેવટ સુધી કરી હતી. ગયા પર્યૂષણમાં માસખમણ કર્યું હતુ અને ચાર દિવસ માત્ર બાકી હતા, દરમિયાન શરીર અસ્વસ્થ થવા લાગ્યું, પરંતુ આત્મામાં સ્વસ્થપણું, સાવધાની અને નિર્મળતા વધતી જતી હતી, છેવટે તેમના લઘુબંધુ શેઠ મણિલાલભાઈથી ઉચ્ચારાતા મહામંગળકારી નમસ્કારમંત્રના મંગળધ્વનિ વચ્ચે સમાધિપૂર્વક સૂરજબહેનનો સ્વર્ગવાસ થયો હતો તેથી ભાવનગરની જૈન સમાજના સ્ત્રીવર્ગમાં ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.


# શ્રી વાસુપૂજ્ય ( પ્રભુ ) ચરિત્ર.

**( શ્રી વર્ધમાનસૂરિકૃત. )**

૫૪૭૪ શ્લોકપ્રમાણ, મૂળ સંસ્કૃત ભાષા અને સુંદર શૈલીમાં વિસ્તારપૂર્વક જુદા જુદા આગમો તથા પૂર્વાચાર્યોકૃત અનેક ગ્રંથોમાંથી દોહન કરી **શ્રીમાન વર્ધમાનસૂરિજી**એ સં. ૧૨૯૯ ની સાલમાં લખેલો આ અપૂર્વ ગ્રંથ છે. રચનાર મહાત્માની કવિત્વશક્તિ અદ્દભુત છે, તે તેમાં આવેલ સર્વ પ્રકારના રસોની પરિપૂર્ણતા જ બતાવી આપે છે. તેનું આ સાદું, સરલ અને સુંદર ભાષાંતર છે. ઊંચા એન્ટીક કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોમાં છપાવેલ છે.

આ ગ્રંથમાં પ્રભુના ત્રણ ભવો, પાંચ કલ્યાણકો અને ઉપદેશક જાણવા યોગ્ય મનનીય સુંદર બોધપાઠો, તત્ત્વજ્ઞાન, તપ વગેરે સંબંધીની વિસ્તૃત હકીકતોના વર્ણનો સાથે પુણ્ય ઉપર પુણ્યાઢ્ય ચરિત્ર, રાત્રિભોજન ત્યાગ અને આદર, બારવ્રત, રોહિણી આદિની અનેક સુંદર, રોચક, રસપ્રદ, આહ્લાદક કથાઓ આપેલી છે કે જેમાંની એક કથા પૂરી થતાં બીજી વાંચવા મન લલચાય છે અને પૂરી કરવા ઉત્સુકતા થાય છે. તે તમામ કથાઓ ઉપર ગ્રાહ્ય અને સુંદર ઉપદેશ પણ સાથે આપેલ છે. પ્રભુના ત્રણ ભવોના–જીવનના નહિ પ્રગટ થયેલ જાણવા જેવાં અનેક પ્રસંગો અને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પ્રભુએ સ્થળે સ્થળે વિચરી આપેલ વિવિધ વિષયો ઉપર આદરણીય દેશનાઓ એ તમામ આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. પ્રભુના વિવિધ રંગની સુંદર છબીઓ પણ આપવામાં આવેલ છે. ફોર્મ ૩૫, પૃષ્ઠ સંખ્યા ૨૪૦.

એકંદરે આ ચરિત્ર પહેલેથી છેલ્લે સુધી મનનપૂર્વક વાંચવા જેવું અને પઠનપાઠનમાં નિરંતર ઉપયોગ કરવા યોગ્ય છે, જેને માટે વિશેષ લખવા કરતાં અનુભવ કરવા જેવું છે.

**કિંમત રૂા. ૨–૮–૦ પોસ્ટેજ જુદું.**

( આ ગ્રંથ માટે મુનિમહારાજાઓ વગેરેના જે સુંદર અભિપ્રાયો મળે છે તેની નોંધ માસિકમાં આપવામાં આવે છે. )


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431


### શ્રી પ્રભાચંદ્રસૂરિવિરચિત-

## શ્રી પ્રભાવક ચરિત્ર ( ભાષાંતર ) ઐતિહાસિક ગ્રંથ.

આ એક ઐતિહાસિક કથા-સાહિત્યના આ ગ્રંથમાં વર્તમાનકાળના બાવીશ પ્રભાવક આચાર્યમહારાજના જીવન ઉપર કર્ત્તા મહાપુરુષે સારો પ્રકાશ પાડ્યો છે. જે જે મહાન આચાર્યનો પરિચય આપ્યો છે તેમાં તે સમયની સામાજિક, ધાર્મિક, રાજકીય પરિસ્થિતિ, ઐતિહાસિક દૃષ્ટિએ આપી સુંદર ( ભાષાંતર ) પ્રમાણિક ઐતિહાસિક ગ્રંથ બનાવ્યો છે. મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી મહારાજે ઐતિહાસિક દૃષ્ટિએ સુંદર પર્યાલોચના લખી તે ગ્રંથની રચનામાં સુંદરતા વધારી પ્રમાણિક જૈન કથાસાહિત્યમાં ઉમેરો કર્યો છે. એવી સુંદર અને સરલતાપૂર્વક રચના કરેલ હોઇને આ ગ્રંથને અમુક અમુક જૈન શિક્ષણશાળાઓ માટે ધાર્મિક અભ્યાસક્રમમાં સ્થાન મળેલ છે. આ ઉપયોગી સાહિત્ય ગ્રંથ હોવાથી વાંચતા પણ ખાસ આનંદ ઉત્પન્ન કરે તેવો છે. કિંમત રૂા. ૨-૮-૦ પોસ્ટેજ અલગ.

લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

## શ્રી તીર્થંકર ભગવાનના સુંદર ચરિત્રો.

| | | | |
|---|---|---|---|
| ૧. શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર. | રૂા. ૧-૧૨-૦ | ૪. શ્રી વિમલનાથ ચરિત્ર. | રૂા. ૧-૧૨-૦ |
| ૨. શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧ લો. | રૂા. ૨-૦-૦ | ૫. શ્રી મહાવીર ચરિત્ર. | રૂા. ૩-૦-૦ |
| ૩. સદર ભાગ ૨ જો. | રૂા. ૨-૮-૦ | ૬. શ્રી વાસુપૂજ્ય ચરિત્ર. | રૂા. ૨-૮-૦ |
| | રૂા. ૧૩-૮-૦ | | |

ઉપરના વિસ્તારપૂર્વક ચરિત્રો એક સાથે બધા લેનારને અમારા તરફથી પ્રકટ થયેલ અનેક સુંદર ચિત્રો સહિત સાદા કપડાનાં પાકા બાઇન્ડીંગવાળો **શ્રીપાલ રાસ** અર્થ સહિત ( રૂા. ૨-૦-૦ ની કિંમતનો ) ભેટ આપવામાં આવે છે. **એકલો શ્રીપાળ રાસ લેનારને રૂા. ૧-૪-૦ માં આપવામાં આવશે.** ( પોસ્ટેજ અલગ )

## કર્મગ્રંથ ભાગ ૧-૨ સંપૂર્ણ.

**સિલિકે ઘણી થોડી નકલો રહી છે.**

**૧. સટીક ચાર કર્મગ્રંથ શ્રીમદ્દેવેન્દ્રસૂરિવિરચિત-પ્રથમ ભાગ રૂા. ૨-૦-૦**

**૨. શતકનામા પાંચમો અને સપ્તતિકાભિધાન છઠ્ઠો કર્મગ્રંથ, દ્વિતીય ભાગ રૂા. ૪-૦-૦**

ઘણી જ કાળજીપૂર્વક તેનું સંશોધન, અમારી પ્રસ્તુત આવૃત્તિમાં સાવધાનપણે સંપાદક મહાપુરુષોએ આ બંને ગ્રંથોમાં કર્યું છે અને રચના, સંકલના વિદ્વતાપૂર્ણ કરવામાં આવેલ છે; જે ગ્રંથ જોયા પછી જ જણાય તેવું છે. બાકી તેની સાથે ગુજરાતી ભાષામાં આપેલ પ્રસ્તાવનામાં વિગતો, ગ્રંથકારનો પરિચય, વિષયસૂચિ, કર્મગ્રંથનો વિષય કયા ગ્રંથોમાં છે તેની સૂચિ, પારિભાષિક શબ્દના સ્થાનદર્શક કોશ, શ્વેતાંબરીય કર્મતત્ત્વવિષય શાસ્ત્રોની સૂચિ, કર્મવિષયના મળતાં ગ્રંથો, છ કર્મગ્રંથાન્તર્ગત વિષય દિગંબરી શાસ્ત્રોમાં કયા કયા સ્થળે છે તેનો નિર્દેશ વગેરે આપવામાં આવેલ હોવાથી અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી થયેલ છે, જે પ્રથમ બહાર પડેલ કર્મગ્રંથ કરતાં અધિકતર છે.

ઊંચા એન્ટીક કાગળો ઉપર, સુંદર ટાઇપો અને મજબૂત તથા સુંદર બાઈંડીંગમાં બંને ભાગો પ્રકટ થયેલ છે. કિંમત બંનેના રૂા. ૬-૦-૦ પોસ્ટેજ જુદું.

લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.


( શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઈએ છાપ્યું—ભાવનગર. )

For Private And Personal Use Only